RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 334 Dt. 18-06-2025 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# G7 દેશોનું ઈઝરાયેલને ખુલ્લું સમર્થન

## અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે અધવચ્ચે જ છોડી G7 સમિટ : વૈશ્વિક સ્તરે નવાજૂનીના એંધાણ

નવીદિલ્હી, તા. ૧૭
પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જી-૭ સમિટમાં ભાગ લેવા માટે કેનેડા પહોંચી ગયા છે. કેનેડા પહોંચતા પીએમ મોદીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. જી-૭ સમિટમાં આ તેમની સતત છઠ્ઠી ભાગીદારી છે. કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્નીના આમંત્રણ પર પીએમ મોદી તેમની મુલાકાતના બીજા તબક્કામાં સાયપ્રસથી કેનેડા પહોંચ્યા. કેનેડામાં, પીએમ મોદી જી૭ નેતાઓ, ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન, યુકેના વડા પ્રધાન કીર સ્ટારમર, ઇટાલીના જ્યોર્જિયા મેલોની, જાપાનના શિગેરુ ઈશિબા, જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેર્ઝ અને યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેન અને યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટા સાથે યજમાન માર્ક કાર્ની સાથે વાતચીત કરશે.

કેનેડાના વડા પ્રધાન કાર્યાલયે એક નિવેદન જારી કરીને કહ્યું છે કે, અમે, જી-૭ ના નેતાઓ, મધ્ય પૂર્વમાં શાંતિ અને સ્થિરતા પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાને પુનરાવર્તિત કરીએ છીએ. આ સંદર્ભમાં, અમે પુનઃપુષ્ટિ કરીએ છીએ કે ઇઝરાયલને પોતાનો બચાવ કરવાનો અધિકાર છે. અમે ઇઝરાયલની સુરક્ષા માટે અમારા સમર્થનનો પુનરોચ્ચાર કરીએ છીએ. અમે નાગરિકોના રક્ષણના મહત્વને પણ પુનઃપુષ્ટિ કરીએ છીએ. જી-૭ એ એક સંયુક્ત નિવેદન બહાર પાડીને ઇઝરાયલના દાવાનું ખંડન કર્યું અને કહ્યું કે ઈરાન ક્યારેય પરમાણુ શસ્ત્રો ધરાવી શકે નહીં. તમને જણાવી દઈએ કે ઇઝરાયલી સેનાએ દાવો કર્યો હતો કે તેણે ઈરાનના પરમાણુ સ્થળોનો નાશ કર્યો છે. ઉપરાંત, ઘણા ઈરાની પરમાણુ વૈજ્ઞાનિકો પણ માર્યા ગયા છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ જી-૭ સમિટ અધવચ્ચે જ છોડી ગયા. ટ્રમ્પના ગયા પછી, ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને ટ્રમ્પ પર કટાક્ષ કર્યો અને કહ્યું કે તેઓ ઇઝરાયલ અને ઈરાન વચ્ચે યુદ્ધવિરામ પર કામ કરવા ગયા છે. ડોનાલ્ડ ટ્રમ્પે હવે તેમને યોગ્ય જવાબ આપ્યો છે અને સમિટ છોડવાનું કારણ પણ જણાવ્યું છે. તેમણે કહ્યું કે મેક્રોનને ખબર નથી કે હું કેમ ગયો. ટ્રમ્પે સંકેત આપ્યો કે તેઓ યુદ્ધવિરામ કરતાં પણ મોટું કંઈક કરવાના છે.




### તેહરાનમાં રહેતા ભારતીય વિદ્યાર્થીઓને શહેરની બહાર ખસેડાયા

વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે સુરક્ષા કારણોસર તેહરાનમાં રહેતા ભારતીય વિદ્યાર્થીઓને શહેરની બહાર ખસેડવામાં આવ્યા છે. આ વ્યવસ્થા ભારતીય દૂતાવાસ દ્વારા કરવામાં આવી છે. હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જે લોકો પાસે પોતાના પરિવહનના સાધનો છે તેમને પણ શહેર છોડી દેવાની સલાહ આપવામાં આવી છે. કેટલાક ભારતીયોને આર્મેનિયન સરહદ દ્વારા ઈરાન છોડવામાં પણ મદદ કરવામાં આવી છે. શક્ય તમામ સહાય પૂરી પાડવા માટે દૂતાવાસ ભારતીય સમુદાય સાથે સતત સંપર્કમાં છે. પરિસ્થિતિના આધારે વધુ માર્ગદર્શિકા જારી કરવામાં આવી શકે છે.

### ટ્રમ્પે ઈરાનને ચેતવણી આપી

ટ્રમ્પે ઈરાનના લોકોને તેહરાન ખાલી કરવા પણ કહ્યું છે. ટ્રમ્પે કહ્યું છે કે જો ઈરાન અમેરિકા સાથે પરમાણુ કરાર માટે સંમત થયું હોત, તો વર્તમાન સંકટ ટાળી શકાયું હોત. તેમણે કહ્યું કે આ કરાર મડાગાંઠ પર પહોંચી ગયો છે. ટ્રમ્પ કહે છે કે જ્યાં સુધી તણાવ ઓછો કરવા માટે પગલાં લેવામાં નહીં આવે ત્યાં સુધી સંઘર્ષ વધુ વધવાનો ભય રહેશે.

### મધ્યપૂર્વમાં શાંતિ–સ્થિરતા G7 કટિબદ્ધ

મધ્ય પૂર્વમાં શાંતિ અને સ્થિરતા માટે G-7 દેશોના નેતાઓએ ઈઝરાયલને પોતાનો ટેકો આપ્યો છે. આનાથી ઈરાનની મુશ્કેલીઓ વધી ગઈ છે. G-7 દેશોએ કહ્યું છે કે ઈઝરાયલને સ્વરક્ષણનો સંપૂર્ણ અધિકાર છે અને તેઓ તેની સાથે છે. સમિટમાંથી જારી કરાયેલા સંયુક્ત નિવેદનમાં, G-7 નેતાઓએ ઈરાનને પ્રાદેશિક અસ્થિરતા અને આતંકવાદનું મુખ્ય કારણ ગણાવ્યું.

# ડિજીકવચ હેઠળ ગુગલનું ભારતમાં મોટું ઓપરેશન

## ૬ કરોડ જોખમવાળી એપ્લિકેશન ઈન્સ્ટોલેશન પ્રયાસોને અવરોધ્યા

નવીદિલ્હી, તા. ૧૭
લોકોને સાયબર છેતરપિંડીથી બચાવવા માટે, ગૂગલે વર્ષ ૨૦૨૩ માં ડિજીકવચ લોન્ચ કર્યું હતું. હવે કંપનીએ જણાવ્યું છે કે તાજેતરના ભૂતકાળમાં વધુ સારું ઓનલાઈન વાતાવરણ બનાવવા માટે તેણે કયા પગલાં લીધાં છે. આ ક્રમમાં, ગૂગલે સેફ્ટી ચાર્ટરનું અનાવરણ કર્યું છે. કંપનીએ સમજાવ્યું છે કે તેણે લોકોને ઓનલાઈન કૌભાંડોથી કેવી રીતે બચાવ્યા છે. ગૂગલનો સેફ્ટી ચાર્ટર ઓનલાઈન છેતરપિંડી, સાયબર સુરક્ષા અને જવાબદાર AI વિકાસને સંબોધશે. કંપનીએ જણાવ્યું હતું કે ડિજીકવચ હેઠળ, ૬ કરોડ ઉચ્ચ જોખમવાળી એપ્લિકેશન ઈન્સ્ટોલેશન પ્રયાસોને અવરોધિત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, ગૂગલ પ્લેએ ૪.૧ કરોડ કૌભાંડ વ્યવહાર ચેતવણીઓ જારી કરી છે.

વર્ષ ૨૦૨૪ માં, ગૂગલ પેએ




૧૩૦૦૦ કરોડ રૂપિયાની છેતરપિંડી અટકાવવામાં મદદ કરી છે. Gmail અને Google ખયતતફલયત દર મહિને લાખો સ્પામ ઈમેઈલ્સ અને કૌભાંડી ટેક્સ્ટ્સને બ્લોક કરે છે. આ કૌભાંડો અને સ્પામને રોકવા માટે, ગૂગલે ઓન-ડિવાઇસ અઈ નો ઉપયોગ કર્યો છે. આ સંદર્ભમાં, ગુગલ ઈન્ડિયાના કન્ટ્રી મેનેજર પ્રીતિ લોબાનાએ કહ્યું, 'ભારતને વિકસિત ભારત બનાવવા માટે, આપણે ઈન્ટરનેટ અને આપણા ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વિશ્વસનીય બનાવવું પડશે અને તેને જાળવી રાખવું પડશે.' અમારી AI સિસ્ટમ નવા જોખમો અને કૌભાંડો શોધવા માટે સતત વિકસિત થઈ રહી છે. તે એવા દાખલાઓને પણ ઓળખી રહ્યું છે જે પહેલાં ક્યારેય બન્યા ન હતા.

સાયબર સુરક્ષા ક્ષમતાઓનો વિસ્તાર કરવા માટે Google.org દ્વારા ધ એશિયા ફાઉન્ડેશનમાં ૨૦ મિલિયનનું રોકાણ કરશે. આ ફાઉન્ડેશન એશિયા પેસિફિકમાં ૧૦ થી વધુ નવા સાયબર ક્લિનિક્સને ભંડોળ પૂરું પાડશે. આ સાથે, ગૂગલ IIT મદ્રાસ સાથે પોસ્ટ-ક્વોન્ટમ ક્રિપ્ટોગ્રાફી પર કામ કરશે. ઓનલાઈન છેતરપિંડી સામે રક્ષણ પૂરું પાડે છે. આ એક પ્રારંભિક ખતરો શોધ અને ચેતવણી પ્રણાલી છે, જે ભારતમાં ગૂગલ વપરાશકર્તાઓને સાયબર ગુનાઓથી રક્ષણ આપે છે. તે વપરાશકર્તાઓને સંભવિત છેતરપિંડી વિશે માહિતગાર કરે છે અને તેમને ભોગ બનતા અટકાવે છે.

## એર ઈન્ડિયાએ જણાવ્યું હતું કે તે મુસાફરોને હોટલમાં રહેવાની વ્યવસ્થા અને રદ થવાના કિસ્સામાં સંપૂર્ણ રિફંડ અથવા ફ્લાઈટ રિશેડ્યુલિંગની પણ ઓફર કરી

# ટેકનિકલ ખામીથી એર ઈન્ડિયાની ૭ ફ્લાઈટ રદ

નવીદિલ્હી, તા. ૧૭
અમદાવાદ વિમાન દુર્ઘટના બાદ એર ઈન્ડિયાની હાલત સતત બગડી રહી છે. તેમની ફ્લાઈટ્સ સતત રદ થઈ રહી છે. આજે એટલે કે ૧૭ જૂનના રોજ ૭ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. એર ઈન્ડિયાએ લંડન-અમૃતસર, દિલ્હી-દુબઈ, બેંગલુરુ-લંડન, મુંબઈ-સાન ફ્રાન્સિસ્કો, દિલ્હી-પેરિસ, દિલ્હી-દુબઈ અને દિલ્હી-વિયેનાની ફ્લાઈટ્સ રદ કરી છે. આ બધી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ છે.

ફ્લાઈટ પહેલાની તપાસ દરમિયાન કેટલીક સમસ્યાઓ જણાતા એર ઈન્ડિયાએ મંગળવાર એટલે કે આજે ૧૭ જૂનના રોજ દિલ્હી-પેરિસ ફ્લાઈટ રદ કરી દીધી છે. એર ઈન્ડિયાએ કહ્યું કે આ સમસ્યાનું નિરાકરણ આવી રહ્યું છે. તેમાં કહેવામાં આવ્યું છે કે આજની ફ્લાઈટ રદ થવાના પરિણામે, ૧૮ જૂનના રોજ પેરિસથી દિલ્હી જતી રિટર્ન ફ્લાઈટ અઈ૧૪૨ પણ રદ




કરવામાં આવી છે.

એર ઈન્ડિયાએ જણાવ્યું હતું કે ૧૭ જૂનના રોજ દિલ્હીથી પેરિસ જતી ફ્લાઈટ નંબર અઈ૧૪૩ રદ કરવામાં આવી છે. ફરજિયાત પ્રી-ફ્લાઈટ ચેક દરમિયાન એક સમસ્યા મળી આવી છે, જે હાલમાં ઉકેલાઈ રહી છે. ''જોકે, પેરિસ ચાર્લ્સ ડી ગૌલે (CDG) એરપોર્ટ પર રાત્રિના સંચાલન પર પ્રતિબંધ હોવાથી ફ્લાઈટ રદ કરવામાં આવી છે,'' તેમણે કહ્યું. એર ઈન્ડિયાએ જણાવ્યું હતું કે તે મુસાફરોને હોટલમાં રહેવાની વ્યવસ્થા પૂરી પાડી રહી છે અને રદ થવાના કિસ્સામાં સંપૂર્ણ રિફંડ અથવા ફ્લાઈટ રિશેડ્યુલિંગની પણ ઓફર કરી રહી છે. એર ઈન્ડિયાએ એમ પણ કહ્યું કે તે મુસાફરોને શક્ય તેટલી વહેલી તકે તેમના ગંતવ્ય સ્થાન પર પહોંચાડવા માટે વૈકલ્પિક વ્યવસ્થા કરી રહી છે.

એર ઈન્ડિયા દ્વારા એક નિવેદન જારી કરવામાં આવ્યું હતું જેમાં કહેવામાં આવ્યું હતું કે એર ઈન્ડિયાની દિલ્હી-પેરિસ ફ્લાઈટ ટેકનિકલ કારણોસર રદ કરવામાં આવી રહી છે. મુસાફરોને વૈકલ્પિક સુવિધાઓ અને રિફંડની ખાતરી આપવામાં આવી હતી. એર ઈન્ડિયાના પ્રવક્તાના જણાવ્યા અનુસાર, ફરજિયાત પ્રી-ફ્લાઈટ ચેક દરમિયાન ટેકનિકલ ખામી જોવા મળી હતી, જેને હાલમાં સુધારવામાં આવી રહી છે. પેરિસ ચાર્લ્સ ડી ગૌલ એરપોર્ટ પર રાત્રિ ફ્લાઈટ્સ પર પ્રતિબંધોને કારણે ફ્લાઈટ રદ કરવી પડી. એર ઈન્ડિયાએ મુસાફરોને થયેલી અસુવિધા બદલ માફી માંગી છે. એરલાઈને જણાવ્યું હતું કે તેમને તેમના ગંતવ્ય સ્થાન પર લઈ જવા માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી રહી છે. મુસાફરોને હોટેલમાં રહેવાની સુવિધા આપવામાં આવી છે અને ટિકિટ રદ કરવા પર સંપૂર્ણ રિફંડ અથવા મુસાફર ઈચ્છે તો મફત રિ-શેડ્યુલિંગની ઓફર કરવામાં આવે છે.

# મોદીની સાયપ્રસ મુલાકાતે તુર્કીના પેટમાં તેલ રેડયુ

## ઓપરેશન સિંદૂર દરમિયાન તુર્કીએ પાકિસ્તાનને આપ્યું હતું સમર્થન જે બાદ ભારતની કૂટનીતિ રંગ લાવી

નવીદિલ્હી, તા. ૧૭
કલ્પના કરો કે જો ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ પાકિસ્તાન પહોંચે અને કાશ્મીર તરફ આંગળી ચીંધીને સરહદ પર પાકિસ્તાનના પીએમ શાહબાઝ શરીફ સાથે વાત કરે, તો ભારતને કેવું લાગશે? હા, આ ચોક્કસપણે ભારતને ચીડવવાનું કૃત્ય હશે. પણ આવું ભારત સાથે નહીં પણ તુર્કી સાથે થયું. અને આ કરનાર ભારત છે, ચીન નહીં. સાયપ્રસની તેમની મુલાકાત દરમિયાન, ભારતીય વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાયપ્રસથી તુર્કીના કબજા હેઠળના સ્થળે પહોંચ્યા. મોદી અને સાયપ્રસના રાષ્ટ્રપતિ નિકોસ ક્રિસ્ટોડોલિડ્સે નિકોસિયામાં તુર્કી-નિયંત્રિત ઉત્તરી સાયપ્રસને નજર સમક્ષ રાખીને વાતચીત કરી, જેની પૃષ્ઠભૂમિમાં ઝઘ્ઘાઈ ધ્વજ દેખાય છે. મોદી અને ક્રિસ્ટોડોલિડ્સ વચ્ચેની વાતચીત માટે તે સ્થળની પસંદગીને વિશ્લેષકો તુર્કી માટે પ્રતીકાત્મક ચેતવણી તરીકે જુએ છે.

ઓપરેશન સિંદૂર દરમિયાન તુર્કી ખુલ્લેઆમ પાકિસ્તાનને મદદ કરવા આગળ આવ્યું. સ્વાભાવિક છે કે ભારતને તુર્કીનું આ કૃત્ય ગમ્યું નહીં. ઘણા ભારતીયોએ તુર્કી વસ્તુઓનો બહિષ્કાર કરવાનું શરૂ કર્યું. હવે આપણા નેતાનો વારો હતો. સાયપ્રસ પહોંચ્યા બાદ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તુર્કીને આ સંદેશ આપ્યો છે. જો તમે (તુર્કી) કાશ્મીર તરફ નજર નાખો છો, તો અમે ટૂંક સમયમાં તમને ઉત્તર પૂર્વ સાયપ્રસથી કાપી નાખવાની વ્યવસ્થા કરીશું. તાજેતરમાં, ઓપરેશન સિંદૂર હેઠળ, ભારતે પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં આતંકવાદી માળખાને નિશાન બનાવ્યું. આ સમયગાળા દરમિયાન, તુર્કીએ ડ્રોન પૂરા પાડ્યા અને



પાકિસ્તાનને ખુલ્લેઆમ ટેકો આપ્યો, જેના કારણે ભારત-તુર્કી સંબંધોમાં તણાવ વધ્યો. ભારત સાથેનો સંઘર્ષ સમાપ્ત થયા પછી, પાકિસ્તાનના પીએમ શાહબાઝ શરીફ અને આર્મી ચીફ ફિલ્ડ માર્શલ અસીમ મુનીર તુર્કી પહોંચ્યા. પાકિસ્તાની નેતાઓની આ મુલાકાત તુર્કી પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે હતી. એ જ રીતે, ઓપરેશન સિંદૂર પછી, પીએમ મોદી સૌપ્રથમ સાયપ્રસ પહોંચ્યા. સાયપ્રસ અને તુર્કી વચ્ચેના સંબંધો ભારત અને પાકિસ્તાન જેવા જ છે.

કદાચ આ જ કારણ છે કે પીએમ મોદીએ સાયપ્રસની મુલાકાત લીધી. સાયપ્રસ ૧૯૭૪ થી તુર્કી સાથે પ્રાદેશિક વિવાદમાં ફસાયેલું છે (તુર્કીએ ઉત્તરી સાયપ્રસ પર કબજો કર્યો), અને આને ભારત તરફથી તુર્કીને રાજદ્વારી સંદેશ તરીકે જોવામાં આવી રહ્યું છે. સાયપ્રસ અને ભારત બંને તુર્કીની નીતિઓથી પ્રભાવિત છે, અને આ મુલાકાત તુર્કી-પાકિસ્તાન જોડાણનો પ્રતિભાવ હોઈ શકે છે.સાયપ્રસની મુલાકાતને નિકોસિયામાં તુર્કીને એક મજબૂત રાજદ્વારી સંદેશ તરીકે જોવામાં આવી રહી છે, કારણ કે ભારતે સાયપ્રસ સાથેના તેના ઐતિહાસિક સંબંધોને મજબૂત બનાવ્યા છે અને તુર્કીના કબજા હેઠળના ઉત્તરી સાયપ્રસના મુદ્દા પર સાયપ્રસને ટેકો આપ્યો છે. સાયપ્રસ અને તુર્કી વચ્ચે લાંબા સમયથી તણાવ હોવાથી, આને રાજદ્વારીના એક સ્વરૂપ તરીકે જોવામાં આવી રહ્યું છે જ્યાં દુશ્મનનો દુશ્મન મિત્ર હોય છે. ભારતે યુએન સુરક્ષા પરિષદના ઠરાવો અને આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર સાયપ્રસ મુદ્દાના ઉકેલને સમર્થન આપ્યું છે, જે ઉત્તરી સાયપ્રસ પર તુર્કીએના કબજાને ગેરકાયદેસર માને છે.

## પ્રો T20 લીગ

# કચ્છે ગોહિલવાડને હરાવ્યું

### જેએમડી કચ્છ રાઈડર્સના રાજીવ શેઠે કૃષ્ણકાંત પાઠકને પ્લેયર ઓફ ધ મેચ એવોર્ડ કર્યો એનાયત






રાજકોટ, તા. ૧૭

જેએમડી કચ્છ રાઈડર્સે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો. દિતા ગોહિલવાડ ટાઈટન્સે ૨૦ ઓવરમાં ૫ વિકેટ ગુમાવીને ૧૮૧ રન બનાવ્યા. હેત્વિક કોટકે ૪૦ બોલમાં ૩ ચોગ્ગા અને ૨ છગ્ગાની મદદથી અણનમ ૪૮ રન બનાવ્યા. એજાઝ કોઠારિયાએ ૨૬ બોલમાં ૫ ચોગ્ગા અને ૨ છગ્ગાની મદદથી ૪૨ રન બનાવ્યા. રુચિત આહિરે ૨૫ બોલમાં ૪ ચોગ્ગા અને ૨ છગ્ગાની મદદથી ૩૯ રન બનાવ્યા. લકીરરાજ વાઘેલાએ ૧૦ બોલમાં ૧ ચોગ્ગા અને ૩ છગ્ગાની મદદથી ૨૮ રન બનાવ્યા. પાર્થ ભુતે ૨ વિકેટ લીધી. દેવાંગ કરમતા, ધ્રુવમ પટેલ અને અર્થ યાદવે ૧-૧ વિકેટ લીધી હતી. જેએમડી કચ્છ રાઈડર્સે ૮ ઓવરમાં વિના નુકસાને ૬૧ રન બનાવ્યા. કૃષ્ણકાંત પાઠકે ૨૭ બોલમાં ૭ ચોગ્ગા અને ૧ છગ્ગાની મદદથી અણનમ ૪૬ રન બનાવ્યા. વરસાદને કારણે મેચ રોકી દેવામાં આવી હતી. મેચ ઘટાડીને ૮ ઓવર પ્રતિ ટીમ કરવામાં આવી.

JMD કચ્છ રાઈડર્સે DLS પદ્ધતિ મુજબ ૩ રનથી મેચ જીતી લીધી. સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના સુરૂ દોશીએ પ્રેઝન્ટેશનમાં સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનનું પ્રતિનિધિત્વ કર્યું. સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના સુરૂ દોશી દ્વારા કેમ્પસમાં મહત્તમ ફોર માટેનો એવોર્ડ કૃષ્ણકાંત પાઠકને આપવામાં આવ્યો હતો. જેએમડી કચ્છ રાઈડર્સના રાજીવ શેઠ દ્વારા કૃષ્ણકાંત પાઠકને પ્લેયર ઓફ ધ મેચ એવોર્ડ આપવામાં આવ્યો.

# દારૂ વહેંચતો હિતેશ ટહેલીયાણી પકડાયો

### ૭૮ નંગ દારૂ સહિત કુલ ૨૭૩૦૦ નો મુદ્દામાલ કબ્જે : પ્રનગર પોલીસે બાતમીને આધારે ઉઠાવી લીધોઃ વધુ તપાસ શરૂ

રાજકોટ તા.૧૭

ઉચ્ચ અધિકારીઓની સૂચના બાદ શહેરમાં દારૂના ધંધાર્થી પર પોલીસ તવાઈ બોલાવી રહી છે ત્યારે જંકશન મેઈન રોડ પર આંબલીયા હનુમાન મંદિર પાસે પ્ર.નગર પોલીસ સ્ટેશનનો સ્ટાફ પેટ્રોલિંગ કરી રહ્યો હતો તે દરમિયાન બાતમી મળી હતી કે હિતેશ ટહેલીયાણી નામનો શખ્સ નિર્મલ એપાર્ટમેન્ટની છત પર વિદેશી દારૂ રાખી વેચાણ કરે છે. બાતમી મળતા જ પોલીસે સ્થળ પર જઈ તપાસ કરી હતી આ તપાસ દરમિયાન પોલીસને સેલ ઓન્લી ઈન દિવ, દમણ એન્ડ દાદર નગર હવેલી લખેલી વિદેશી દારૂની ૭૮ નંગ બોટલો મળી આવી હતી. વિદેશી દારૂ નો જથ્થો મળી આવતા પોલીસે દારૂનું વેચાણ કરતા સુડતાલીસ વર્ષીય હિતેશ ટહેલીયાણીને ઉઠાવી લીધો હતો. એક બોટલ ની અંદર જે કિંમત ૩૫૦ રૂપિયા ગણી કુલ ૨૭,૩૦૦ નું મુદ્દામાલ પોલીસે કબ્જે લીધો હતો. પોલીસે આરોપી દારૂ ક્યાંથી લઈ આવ્યો હતો? અને કોને કોને સપ્લાય કરવાનો હતો? તે દિશામાં વધુ તપાસ પ્ર.નગર પોલીસે શરૂ કરી હોવાનું જાણવા મળ્યું હતું.



# PGVCLના અધિકાર ક્ષેત્રમાં આવતા જિલ્લાઓમાં ૧૧૮૧ ફીડરો બંધ

### ૧૬૭ ગામડાઓમાં નથી વીજ પુરવઠો : ૫૦૦ ૪૫ થાંભલાઓ ક્ષતિગ્રસ્ત જ્યારે ૨૩ ટીસી નથી કરતા કામ

રાજકોટ, તા. ૧૭

છેલ્લા બે દિવસથી રાજકોટ શહેર અને જિલ્લામાં ભારે વરસાદ વરસી રહ્યો છે એટલું જ નહીં રાજકોટ સહિતના જિલ્લામાં પણ હાલ જે મેઘ કહેર જોવા મળી રહ્યો છે તેની સામે પીજીવીસીએલની કામગીરી મા વધારો થઈ ગયો છે ત્યારે ગઈકાલ સાંજ સુધી કુલ ૧૧૮૧ ફીડરો ક્ષતિગ્રસ્ત હોવાનું માલુમ પડ્યું હતું જેમાં જ્યોતિગ્રામ યોજના અંતર્ગત સર્વાધિક ૧૩ ફીડરો મોરબીમાં બંધ છે ત્યારબાદ ભાવનગર એમ કુલ ૩૭ ફીડરો હાલ જ્યોતિગ્રામ યોજના અંતર્ગત બંધ હોવાનું પશ્ચિમ ગુજરાત વીજ કોર્પોરેશન લિમિટેડ એ જણાવ્યું હતું એવી જ રીતે એગ્રીકલ્ચર ફીડરોની વાત કરવામાં આવે તો ૨૪૮ ફીડરો જે સુરેન્દ્રનગર ના અધિકાર ક્ષેત્રમાં આવે છે તે હાલ બંધ છે ત્યારબાદ જામનગરમાં ૧૬૯, ભાવનગરમાં ૧૬૭ તથા અમરેલીમાં ૧૬૬ એમ કુલ ૧૧૧૭ ફીડરો ખેતીવાડીના બંધ હોવાનું માલુમ પડ્યું છે જ્યારે રાજકોટ ગ્રામ્ય ની વાત કરવામાં આવે તો ૯૦ ફીડરો હજુ સુધી શરૂ થઈ ચૂક્યા નથી ત્યારે મોરબી શહેર ભાવનગર માં કુલ પાંચ ફીડરો બંધ છે.

ઔદ્યોગિક એકમોની જો વાત કરવામાં આવે તો મોરબીમાં ૧૫ ભાવનગરમાં ત્રણ અને બોટાદમાં એક ફીડર બંધ છે એમ કુલ ૧૯ ઔદ્યોગિક ફીડરો માં ક્ષતિ સર્જાય છે. મેઘરાજાની છેલ્લા બે દિવસથી સટા સટીમાં કુલ ૧૬૭ ગામડાઓમાં સંપૂર્ણપણે પુરવઠો ખોળવાઈ ગયો છે જેમાં ભાવનગરના ૭૪ ગામ મોરબીના ૨૬ ગામ સુરેન્દ્રનગરના ૨૧ અને અમરેલીના ૨૦ એમ કુલ ૧૬૭ ગામડાઓનો સમાવેશ થાય છે. આ સમગ્ર કામગીરી દરમિયાન કુલ ૫૪૫ જેટલા પોલ સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થયા છે જેમાં ભાવનગરમાં ૧૭૪ અને અમરેલીમાં ૧૬૦ થાંભલાઓનો સમાવેશ થાય છે તો બીજી તરફ ટ્રાન્સફોર્મરની વાત કરવામાં આવે તો કુલ ૨૩ ટ્રાન્સફોર્મર ક્ષતિગ્રસ્ત થયા હોવાનું માલુમ પડ્યું છે.

રાજકોટ પીજીવીસીએલ કચેરી દ્વારા માત્ર રાજકોટને પરંતુ સમગ્ર જિલ્લા સૌરાષ્ટ્ર અને કચ્છમાં હાલ કામગીરી કરવાની રહેતી હોય છે પરંતુ હાલની સાંપ્રત પરિસ્થિતિને ધ્યાને લઈ જે ભાવનગર અને અમરેલીમાં મેઘ કહેર જોવા મળ્યો તેમાંથી લોકોને બહાર લાવવા અને વીજ પુરવઠો ફરી વખત રાબેતા મુજબ શરૂ કરવા માટેના તમામ પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે ત્યારે આગામી દિવસોમાં પણ હાલ પીજીવીસીએલ દ્વારા ખાસ એ વાત ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે અને વિશેષ ટીમોનું ગઠન કરવામાં આવ્યું છે જેથી આ પ્રકારના જે ફોલ્ટ ઊભા થાય તો તેને તાકીદે નિવારી શકાય.



### પ્રેમમાં અંધ બની જનારા કોઇપણ હદ સુધી જઇ શકેઃ ચકચાર જગાવતી ઘટના

# વિધવાને પરણિત યુવક સાથે પ્રેમ થતા ભાગ્યા

## પતિના કરતૂતોતો ખુદ પત્નિને ભાંડો ફોડી પોલીસને કરી ફરિયાદઃ બીજી ઘટનામાં ઘરમાં સગીરાને એકલી ભાળી હવસખોર ઘુસી ગયોઃ બળાત્કાર ગુજારીને આપી ધમકી

રાજકોટ તા. ૧૭

મિત્રતા, પ્રેમના નામે અવાર-નવાર પજવણી, દૂષ્કર્મ કે પછી બીજી અઘટીત ઘટનાઓ બનતી જ રહે છે. વધુ બે ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં એક બનાવમાં પ્રેમના નામે જે થયું છે તે જાણીને એવો સવાલ થાય કે અહિ પ્રેમ આંધળો છે કે પછી પ્રેમીઓ? બીજી એક ઘટનામાં સગીરાને ફસાવીને હવસખોરે દૂષ્કર્મ આચરી લીધુ હતું. માથે જતાં તેણીના પિતાને મારી નાખવાની ધમકી પણ આપી હતી. બંને કિસ્સામાં પોલીસે રાબેતા મુજબ કાર્યવાહી કરી છે. પરંતુ આવા બનાવોમાં ચિંતાજનક રીતે વધારો થઇ રહ્યો છે તેની પ્રતીતિ આ વધુ બે ઘટના કરાવે છે.

ચકચાર જગાવતી ઘટનાની વિગતો જોઇએ તો એક વિધવા મહિલાને એક યુવાન મોહજાળમાં ફસાવીને ભગાડી ગયો છે. પરણેલો એવો આ યુવાન ગંગાસ્વરૂપ મહિલાને લઇને ફરાર થઇ જતાં અરજીને આધારે પોલીસે કાર્યવાહી કરી છે. અંકલેશ્વરનો પરણિત યુવાન ઝઘડિયાની વિધવા મહિલા સાથે ફરાર થઇ ગયો હોવાનો ચકચારી કિસ્સો સામે આવ્યો છે. બંને ઘણા સમયથી લાપત્તા હોવાથી આખરે ઝઘડિયા પોલીસ સ્ટેશનમાં અરજી આપવામાં આવી છે. દરમિયાન યુવાને દેવભૂમિ દ્વારકાથી મૈત્રીકરાર મોકલી કનડગત ન થાય તે જોવા માગણી કરી છે. આ યુવાને વિધવા સાથે મૈત્રીકરાર પણ કરી લીધા છે.

વધુ માહિતી અનુસાર અંકલેશ્વર ખાતે રહેતો એક યુવક ઝઘડીયા જીઆઇડીસીમાં નોકરી કરતો હતો ત્યારે ઝઘડિયામાં નોકરી કરતી વિધવા મહિલાના સંપર્કમાં આવ્યો હતો જયાં બંને વચ્ચે પ્રેમ પાંગર્યો હતો. મહિલા અને યુવક સપ્તાહ પૂર્વે ગાયબ થઇ ગયાં હતાં અને બંનેના ફોન પણ બંધ આવી રહયાં હતાં. મહિલાના પરિવારે શોધખોળ શરૂ કરતાં યુવકની પત્નિની પૂછપરછ કરતાં તેનો



પતિ પણ ગાયબ હોવાની વાત સામે આવી હતી.

પતિની કરતૂતનોભાંડો પત્નિએ જ ફોડી ઝઘડીયા પોલીસ મથકે અરજી આપી હતી. વિધવા મહિલા અને યુવકનું પ્રેમ પ્રકરણ ચર્ચાની એરણે ચઢયું હતું. વિવાદ વચ્ચે યુવકે દેવભૂમિ દ્વારકાથી એક એફીડેવીટ આવ્યું હતું. જેમાં મહિલાએ પોતે પરિવાર તરફથી પુનઃ લગ્નના દબાણને લઇ તે યુવાન સાથે સેવા કરાર કરી રહી હોવાની વાત લખી હતી, યુવાને પણ રાજીખુશીથી કરાર કરી રહ્યાનું લખ્યું છે. તેમણે સેવા કરાર ના નામે મૈત્રી કરાર કરી લીધો હતો. આગામી દિવસ માં ઝગડીયા અથવા અંકલેશ્વર રહેવા આવે ત્યારે પરિવાર કનડગત નાહેરાન ના કરે તે માટે પોલીસ પણ જાણ કરી હતી.

બીજી તરફ વધુ એક સગીરા હવસખોરીનો શિકાર બની ગઇ છે. અમરેલીના રાજુલા તાલુકાના સમઢીયાળા-૧મા રહેતી એક સગીરાને છતડીયા નજીક આવેલ વાડીમા યુવકે દુષ્કર્મ ગુજારી સગીરાના પિતાને મારી નાખવાની ધમકી આપતા આ બારામા તેની સામે રાજુલા પોલીસ મથકમા ફરિયાદ નોંધાવી છે. રાજુલામા રહેતા ભગીરથ ભરતભાઇ ધાખડા નામના યુવકે સગીરા રસોડામા એકલી હતી ત્યારે ત્યાં ઘસી જઇ મોઢુ દબાવી બળજબરીપુર્વક દુષ્કર્મ ગુજાર્યુ હતુ. બાદમા આ શખ્સે સગીરાને કહેલ કે આ વાત કોઇને કરતી નહી નહિતર તારા બાપુજીને મારી નાખીશ તેવી ધમકી પણ આપી હતી.

સગીરાએ આ બારામા તેની સામે રાજુલા પોલીસ મથકમા ફરિયાદ નોંધાવી હતી. બનાવની વધુ તપાસ પોલીસ ઇન્સ્પેક્ટર એ. ડી. ચાવડાએ તપાસ હાથ ધરી છે. રોજબરોજ આ પ્રકારની ઘટનાઓ સામે આવતી રહે છે. આડાસંબંધોને કારણે અને પતિ કે પત્નિની બેવફાઇને કારણે ઘણીવાર તો હત્યા સુધીના બનાવો પણ બની જાય છે. ત્યારે દ્વારકા અને અંકલેશ્વરના વિધવા મહિલા અને પરણેલા યુવાને સમાજની પરિવારની પરવા કર્યા વગર ભાગી જઇ કરાર કરી લીધાની ઘટનાએ ચર્ચા જગાવી છે. તો બીજી તરફ સગીરાને એકલી ભાળી હવસખોરે ઘરમાં ઘુસી બળજબરી આચરી લીધી હતી.



# પ્લેન દુર્ઘટનામાં ૧૩૫ DNA મેચ

## ૧૦૧ પરિવારને સોંપાયા મૃતદેહ : ૧૨ પરિવારો નજીકના સમયમાં સ્વજનોના પાર્થિવ દેહ સ્વીકારવા આવશે, ૫ પરિવારો સાથે તંત્ર સંપર્કમાં, ૧૭ પરિવારો બીજા સ્વજનના ડીએનએ મેચની રાહમાં

રાજકોટ, તા. ૧૭

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં ૧૩૫ મૃતકોનાં ડીએનએ સેમ્પલ મેચ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૧૦૧ પાર્થિવ દેહ પરિવારજનોને સોંપાવામાં આવ્યા હોવાનું સિવિલ હોસ્પિટલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો.રાકેશ જોશીએ મીડિયા બ્રીફિંગમાં જણાવ્યું હતું.

મીડિયા બ્રીફિંગમાં વધુ વિગતો આપતા ડો.રાકેશ જોશીએ જણાવ્યું હતું કે ૧૨ પરિવારો નજીકના સમયમાં સ્વજનોના પાર્થિવ દેહ સ્વીકારવા આવશે, ૫ પરિવારો સાથે હોસ્પિટલ તંત્ર સંપર્કમાં છે, જ્યારે ૧૭ પરિવારો બીજા સ્વજનના ડીએનએ મેચની રાહમાં છે, એમ તેમણે ઉમેર્યું હતું.

ડો.રાકેશ જોશીએ જિલ્લા દીઠ સોંપવામાં આવેલા પાર્થિવ દેહોની વિગતો પૂરી પાડી હતી. જેમાં વડોદરાના ૧૩, અમદાવાદના ૩૦, આણંદના ૯, ભરૂચના ૪, ગાંધીનગરના ૫, મહેસાણાના ૫, ખેડાના ૧૦, સુરતના ૩, અરવલ્લીના ૨, દીવના ૪ તથા બોટાદ, જુનાગઢ, અમરેલી, મહીસાગર, ભાવનગર, ગીર સોમનાથ, નડિયાદ અને રાજકોટના ૧ તેમજ અન્ય રાજ્યોમાં ઉદેપુરના ૨, જોધપુરના ૧, પટનાના ૧ અને મહારાષ્ટ્રના ૪ મૃતકોના પાર્થિવ દેહો સ્વજનોને સોંપવામાં આવ્યા હતા.

ડો.રાકેશ જોશીએ ઉમેર્યું હતું કે ડીએનએ સેમ્પલ મેચિંગની પ્રક્રિયા અત્યંત સંવેદનશીલ હોવાથી અને કાયદાકીય બાબતો પણ સંકળાયેલી હોવાથી આ પ્રક્રિયા ખૂબ જ ગંભીરતાપૂર્વક અને ઝડપથી પૂર્ણ કરવામાં આવી રહી છે. પરિવારજનોને તેમના સ્વજનોના પાર્થિવ દેહો ઝડપથી સોંપવા માટે ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી અને તેની સાથે સંકળાયેલ અન્ય સંસ્થાઓ, સ્થાનિક વહીવટી તંત્ર સહિત રાજ્ય સરકારના આરોગ્ય અને અન્ય વિભાગો તથા વિવિધ એજન્સી ખડેપગે કામગીરી કરી રહી છે.

જેમ જેમ પરિણામો આવતા જશે એમ એમ મેચિંગનો દર વધશે અને પ્રક્રિયા ઝડપી બનશે તથા ઓછો સમય લેશે, એમ તેમણે જણાવ્યું હતું. સાથે જ, તેમણે પરિવારજનો પાર્થિવ દેહ સ્વીકારવા આવે ત્યારે હાથ આરોગ્ય વિભાગ દ્વારા હાથ ધરવામાં આવતી કામગીરી અને કરવામાં આવેલી વ્યવસ્થા વિશે પણ માહિતી પૂરી પાડી હતી.

# સૌરાષ્ટ્રમાં સાર્વત્રિક મેઘમહેર : ગઢડા તાલુકામાં સૌથી વધુ ૧૪ ઇંચ વરસાદ

## ભાવનગર જિલ્લામાં સરેરાશ ૮ ઇંચથી વધુ વરસાદ; જ્યારે બોટાદ જિલ્લામાં ૭.૫ ઇંચથી વધુ વરસાદ નોંધાયો



રાજકોટ, તા. ૧૭

રાજ્યમાં ચોમાસાના આગમન સાથે જ સૌરાષ્ટ્રના મોટાભાગના જિલ્લામાં સાર્વત્રિક મેઘમહેર જોવા મળી છે. સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર-ગાંધીનગરના અહેવાલ મુજબ છેલ્લાં ૨૪ કલાક દરમિયાન બોટાદ જિલ્લાના ગઢડા તાલુકામાં સૌથી વધુ ૧૪ ઇંચ જેટલો વરસાદ વરસ્યો છે. જ્યારે, ભાવનગર જિલ્લાના પાલીતાણા અને શિહોર ૧૨-૧૨ ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે. રાજ્યમાં ભાવનગર જિલ્લામાં સૌથી વધુ સરેરાશ ૮ ઇંચ તેમજ બોટાદ જિલ્લામાં એક જ દિવસમાં સરેરાશ ૭.૫ ઇંચ જેટલો વરસાદ વરસ્યો છે.

તાલુકાની વાત કરીએ તો, ગત ૨૪ કલાકમાં ભાવનગરના જેશર અને ઉમરાળા, અમરેલીના સાવરકુંડલા તેમજ બોટાદ તાલુકામાં ૧૦ ઇંચ કરતા વધુ વરસાદ નોંધાયો છે. ભાવનગરના મહુવા તાલુકામાં પણ ૯ ઇંચ જેટલો વરસાદ વરસ્યો છે. આ ઉપરાંત અમરેલીના રાજુલા, અમરેલી અને લીલીયા, ભાવનગરના વલ્લભીપુર અને તળાજા તેમજ સુરેન્દ્રનગરના ચોટીલા તાલુકામાં પણ ૬ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.

વધુમાં, ભાવનગરના ગારીયાધાર, રાજકોટના વિંછીયા, ભરૂચના હાંસોટ, અમરેલીના બાબરા અને ખાંભા તેમજ મોરબી તાલુકામાં ૪ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. જ્યારે, મોરબીના ટંકારા અને હળવદ, રાજકોટના જસદણ અને જેતપુર, સુરેન્દ્રનગરના ચુડા, સાયલા, થાનગઢ અને મુળી, ભરૂચના વાગરા અને અંકલેશ્વર, સુરતના ઓલપાડ, અમરેલીના લાઠી, કચ્છના માંડવી, ભાવનગર ઉપરાંત જૂનાગઢ શહેર અને તાલુકામાં પણ ૩ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.

આ ઉપરાંત રાજ્યના ૨૫ તાલુકામાં બે ઈંચથી વધુ, ૬૬ તાલુકામાં એક ઈંચથી વધુ જ્યારે, ૯૩ તાલુકામાં એક ઇંચ કરતા ઓછો વરસાદ નોંધાયો છે. આમ, છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યમાં ૩૩ જિલ્લાના કુલ ૨૨૧ તાલુકામાં સરેરાશ ૧.૫ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે.અત્રે ઉલ્લેખનીય છે કે, આજે તા. ૧૭ જૂન, ૨૦૨૫ના રોજ સવારે ૬.૦૦ કલાક સુધીમાં રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૮ ટકા જેટલો નોંધાયો છે. જ્યારે, સવારે ૬.૦૦ કલાકથી ૧૦.૦૦ કલાક સુધીમાં ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકામાં રાજ્યનો સૌથી વધુ ૩.૫ ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત બોટાદના બરવાળામાં ૩ ઇંચ તેમજ ભાવનગરના વલ્લભીપુર, અમદાવાદના ધોલેરા અને ધંધુકા તાલુકામાં પણ ચાર કલાકમાં જ બે ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે.

### પ્રેમ કરવો એ ગુનો નથી, પણ પ્રેમના નામે ખેલ ખેલનારાઓને ઓળખો, તેનાથી બચો

# પ્રેમલગ્ન બાદ પ્રેમિકાને તરછોડી યુવક ‘છૂ’

## લગ્ન બાદ યુવતિને કહ્યું હવે તારા માવતર પાસેથી પૈસા મંગાવઃ યુવતિ ભાગીને આવી હોઇ ના કહેતાં તેણીને બસ સ્ટેશનમાં મુકીને છૂ થઇ ગયો

રાજકોટ તા. ૧૭

પ્રેમના નામે ખેલ ખેલવાની ઘટનાઓ રોજીંદી થઇ પડી છે. પોતાનો સ્વાર્થ પુરો કરવા માટે જ અમુક તો પ્રેમનો ખેલ ખેલતાં હોય છે. આ પ્રકારના લેભાગુઓ અત્ર તત્ર સર્વત્ર વસવાટ કરતાં હોય છે તેનાથી બચવું જરૂરી છે. આવો જ એક લાલબત્તી સમાન અને ચેતવણીરૂપ કિસ્સો સામે આવ્યો છે જેમાં એક યુવતિએ પરિવારથી વિરૂધ્ધ જઇ ભાગીને પ્રેમ લગ્ન કર્યા હતાં. પરંતુ તેને ખબર નહોતી કે જેના માટે થઇને તે ઘર પરિવાર છોડીને આવી છે તે દગાખોર નીકળશે. લવમેરેજ કરનાર આ યુવતિને તેનો કહેવાતો પ્રેમી-પતિ બસ સ્ટેશનમાં જ તરછોડીને ભાગી ગયો હતો. બીજી તરફ અન્ય એક કિસ્સામાં પરણેલી મહિલા પ્રેમમાં પડી ગઇ હતી. પણ તેના પતિને તેના આ લફરાની જાણ થઇ જતાં તેણીએ ઝેર પી દુનિયામાંથી વિદાય લઇ લેતાં પરિવારનો માળો વેરણછેરણ થઇ ગયો હતો.

પ્રથમ ઘટના એવી તમામ યુવતિઓ, સગીરાઓ માટે લાલબત્તી સમાન છે જે ગમે તેની સાથે મિત્રતા અને પ્રેમના નામે આગળ વધી જાય છે. અનેક આવા કિસ્સામાં પાછળથી રડવાની વેળા આવતી હોય છે. વિગતો જોઇએ તો પરિવારની વિરુદ્ધમાં જઈ લગ્ન કરનારી એક યુવતી સાથે દગો થતા તે દયનીય હાલતમાં મુકાઈ ગઈ હતી. વડોદરા એસટી ડેપો પર એક યુવતી ગભરાયેલી હાલતમાં આમથી તેમ ફરીને રડી રહી હોવાથી એક સદગૃહસ્થ તેની મદદે આવ્યા હતા. પૂછપરછ દરમિયાન બિહારની યુવતી પરિવારની વિરુદ્ધ જઈ પ્રેમી સાથે ભાગી છૂટી હોવાની વિગતો જાણવા મળી હતી. પ્રેમ લગ્ન કરનાર આ યુવતી તેના પ્રેમી સાથે મુંબઈ ગઈ હતી અને ત્યાંથી અમદાવાદ થઈ વડોદરા સ્થાયી થવા માટે આવી હતી. પરંતુ વડોદરા બસ ડેપો પર જ તેને પ્રેમીનો વરવો અનુભવ થયો હતો.

લગ્ન બાદ પ્રેમીમાંથી પતિ બનેલા આ શખ્સે યુવતિને પિયરમાં સંપર્ક કરી મદદ માગવા માટે આગ્રહ રાખ્યો હતો. પરંતુ પરિવારની વિરુદ્ધ જઈ લગ્ન કર્યા હોવાથી પત્નીએ ઇનકાર કરી દીધો હતો. જેથી નારાજ પતિ પત્નીને બેસાડી પાણી લેવાના બહાને ચાલ્યો ગયો હતો. ત્રણથી ચાર કલાક સુધી



બીજી ઘટનામાં પરણેલી પ્રિયંકાને બીજા સાથે પ્રેમ થયોઃ પતિને ખબર પડતાં ઝેર પી જીવ આપ્યો

પતિનો પત્તો નહીં લાગતા ગભરાઈ ગયેલી હોવાથી યુવતી રડવા માંડી હતી. વળી પતિના મોબાઇલની પણ તેને જાણકારી નહીં હોવાથી તેની હાલત વધુ કફોડી બની હતી. યુવતીની પરિસ્થિતિ જોઈ મદદે આવેલા સદગૃહસ્થે આ અંગે અભયમને જાણ કરતાં તેના પતિની આસપાસના વિસ્તારમાં તપાસ કરવામાં આવી હતી. પરંતુ કોઈ પત્તો નહીં લાગતા આખરે સિવિલ હોસ્પિટલ ખાતે સખી વન ટોપ સેન્ટરમાં આશરો આપવામાં આવ્યો હતો. લાલબત્તી સમાન આ કિસ્સામાં પોલીસ હવે તરછોડીને ભાગી ગયેલા પતિ પ્રેમીને શોધી રહી છે.

પ્રેમના નામે બરબાદીની વધુ એક ઘટના પણ જોઇએ તો વડોદરાના ગાજરાવાડી વિસ્તારમાં આવેલ સુએઝ પમ્પિંગ રોડ પરની સૂર્યાનગર ખાતે રહેતા અને ફેબ્રિકેશનના વ્યવસાય સાથે સંકળાયેલા નિખિલ ઉર્ફે યોગેશ વિનાયકરાવ મલ્લેટેની પત્નિ પ્રિયંકા ઉર્ફે પીયુ કે જેની ઉમર પાંત્રીસ વર્ષની છે તે રાત્રે પાદરામાં ભાવસારવાડ ખાતે રહેતી નણંદ આકાંક્ષાના ઘેર ઉધઈ મારવાની ઝેરી દવા પી લેતા તેને સારવાર માટે ગોત્રી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી જ્યાં તેનું ગઈકાલે મોત નીપજયુ હતું. ઘટનાની જાણ પોલીસને થતાં તપાસ માટે પહોંચી હતી અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

પ્રિયંકા ઉર્ફ પિયુને શા માટે આપઘાતનો રસ્તો લેવો પડ્યો? તેનું કારણ જાણવા પોલીસની ટીમે તપાસને આગળ વધારતાંચોંકાવનારી વિગતો ખુલી હતી. પોલીસ તપાસમાં એવી વિગત બહાર આવી હતી કે મૃતક પ્રિયંકા ઉર્ફે પીયુને અન્ય યુવાન સાથે પ્રેમ સંબંધ હતો અને આ પ્રમ સંબંધની જાણ પતિ તેમજ ઘરના સભ્યોને થતા તેને મનમાં લાગી આવ્યું હતું અને જીવનનું અંતિમ પગલું ભર્યું હતું. આમ આડાસંબંધોને કારણે વધુ એક પરિવારનો માળો વેરણછેરણ થઇ ગયો હતો. પ્રેમના નામે ખેલ ખેલનારા જ્યાં ત્યાં મળી જ જવાના છે પરંતુ આવા લેભાગુઓથી બચવું એ ઘણે અંશે જે તે યુવતિ સગીરા કે પરિણીતાઓના હાથમાં પણ હોય છે. ચેતતી નાર સદા સુખી એ વાત અહિ ધ્યાને રાખવી જરૂરી છે.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# મેઘ ઝરમર તંત્ર ડગમગ

## રાજકોટમાં કાદવ-કીચડ, રોગચાળાનું સામ્રાજ્ય



રાજકોટમાં બે દિવસથી મેઘાવી માહોલ છે. ગાજ-વીજ સાથે તોફાની વરસાદ થોડો સમય રહ્યા બાદ ઝરમરિયો માહોલ સતત સર્જાયેલો છે. થોડો તોફાની વારસાદ વરસ્યો ત્યારે ધારણા પ્રમાણે માર્ગો પર નદી-તળાવ સજાઈ ગયા હતા.

પ્રિમોન્સુન કામગીરી દર વર્ષ થાય છે. પણ, પ્રથમ વરસાદે જ પ્રિમોન્સુન તણાઇ જાય છે. આ પરંપરા આ વર્ષે પણ જળવાઇ રહી છે. આ ઉપરાંત રાજકોટના મુખ્ય માર્ગો બાદ કરીને આંતરિક વિસ્તારો પર નજર કરો તો ચારે બાજુ પાણી ભરાયેલા છે અને કાદવ-કીચડ-ગંદકીનું સામ્રાજ્ય સર્જાઇ ગયું છે.

આ બાબત તંત્રની વૃત્તિ અને ક્ષમતા બન્નેની નબળાઇને છતી કરે છે. વરસાદ પૂર્વે રાજકોટમાં તાવ-શરદી-પેટના દુખાવા વગેરે પ્રકારનો રોગચાળો ફેલાયો હતો. વરસાદી પાણી અને ગંદકીના કારણે રોગચાળાને મોજ આવી ગઇ છે.

એક તરફ રાજકોટમાં કોરોનાનો ભય મંડાયો છે. દરરોજ કેસો આવી રહ્યા છે. હવે અન્ય રોગોના જીવાણુનું તાંડવ પણ શરૂ થઇ ગયું છે. રાજકોટ શહેર પર તંત્રની કૃપાથી મોટું જોખમ મંડાયું છે.

સ્વ. વિજયભાઇ રૂપાણીની અંતિમવિધિમાં ગુજરાત તથા દેશની હસ્તઓ રાજકોટ આવી હતી. આ સમયે સ્મશાનયાત્રાના નિયત રૂટથી આંતરિક વિસ્તારોનો માહોલ ગંદકીથી ખદબદતો હતો. અંતિમયાત્રા દરમિયાન ભારે વરસાદ વરસ્યો નહિ તે બાબત મેઘરાજાની કૃપા ગણાય. નહિ તો એ રૂટ પર પણ નદીની જેમ જલ પ્રવાહ વહેતો હોત.

તંત્રમાં ગંભીરતાનો સંપૂર્ણ અભાવ છે. નક્કર આયોજન જેવું કંઇ રહ્યું નથી. દેખાડો કરવા ખાતર જ પ્રિમોન્સુન જેવી કામગીરી થતી હશે. હાલમાં પણ અને વિસ્તારોમાં ગંદકીના સામ્રાજ્ય જામ્યા છે. આ બધુ તંત્ર ફરજના ભાગરૂપે શા માટે સાફ થતું નથી?

શહેરને શુધ્ધ રાખવું તંત્રની ફરજ છે. લોકો રજુઆત કરે પછી પણ સફાઇ થતી નથી. કોઇ મોટામાથા ભલામણ કરે પછી તંત્ર ઉપકાર કરતું હોય તેમ આવે છે. રાજકોટની આવી દશા બનવા પાછળનું મુખ્ય કારણ એ છે કે, લોકો સહન કર્યે રાખે છે.

લોકો સહન કરવાનું બંધ કરીને નિર્ણાય નિર્ણાયક અવાજ ઉઠાવે તો માત્ર તંત્ર જ નહિ નગર સેવકોને પણ જવાબદારીનું ભાન થઇ જાય. વધારે પડતી સહન શક્તિ લોકશાહી માટે ઘાતક બને છે. જે સેવકો છે તે પોતાને રાજવી માનવા લાગ્યા છે. મત જોઇતા હોય તો સેવા કરવાની ત્રેવડ હોવી જોઇએ, આવું લોકોએ કહેતા શીખવું પડશે.






# ડ્રોનની ધમકીઓ વચ્ચે અમરનાથ યાત્રા 'નો-ફ્લાઈંગ ઝોન'

## પ્રવર્તમાન ખતરાની ધારણાની સમીક્ષા કરી હતી અને સલામત યાત્રા સુનિશ્ચિત કરવા માટે પગલાં વધારવાની ભલામણ કરી હતી

નવીદિલ્હી, તા. ૧૭

વાર્ષિક અમરનાથ યાત્રા પહેલા, જમ્મુ અને કાશ્મીર સરકારે ૧ જુલાઈથી ૧૦ ઓગસ્ટ સુધી તમામ યાત્રાધામોને 'નો ફ્લાઈંગ ઝોન' જાહેર કર્યા છે. લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાના નિર્દેશો પર ગૃહ વિભાગ દ્વારા જારી કરાયેલા આદેશમાં યાત્રાના બે રૂટ પર ડ્રોન, યુએવી અને ફુગ્ગા જેવા કોઈપણ હવાઈ પ્લેટફોર્મના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે: પરંપરાગત પહેલગામ રૂટ અને ટૂંકા બાલતાલ રૂટ. વિવિધ સુરક્ષા એજન્સીઓ અને હિસ્સેદારોના ઈનપુટ્સને પગલે આ નિર્દેશ જારી કરવામાં આવ્યો છે, જેમણે પ્રવર્તમાન ખતરાની ધારણાની સમીક્ષા કરી હતી અને સલામત યાત્રા સુનિશ્ચિત કરવા માટે પગલાં વધારવાની ભલામણ કરી હતી. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે પણ આ પગલાને ટેકો આપ્યો છે, અને સલાહ આપી છે કે આકાશમાંથી કોઈપણ સંભવિત ખતરાને ટાળવા માટે યાત્રાના સમગ્ર ભાગને હવાઈ ટ્રાફિકથી મુક્ત રાખવામાં આવે.

જોકે, આ પ્રતિબંધો તબીબી સ્થળાંતર, આપત્તિ રાહત અથવા સુરક્ષા દેખરેખ જેવા કટોકટીના કાર્યો પર લાગુ થશે નહીં. આ અપવાદો માટે પ્રોટોકોલની રૂપરેખા એક અલગ સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર દ્વારા આપવામાં આવશે તેવી અપેક્ષા છે. આ નિર્ણય ૨૨ એપ્રિલના રોજ પહેલગામમમાં થયેલા આતંકવાદી હુમલાને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે, જેમાં ૨૬ લોકોના મોત થયા હતા અને સામૂહિક મેળાવડા દરમિયાન સુરક્ષા મજબૂત બનાવવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો. ત્યારથી, અધિકારીઓએ યાત્રાના સુચારુ સંચાલન માટે લોજિસ્ટિક્સ અને સંકલન વધાર્યું છે.

૩ જુલાઈથી શરૂ થતી અમરનાથજી યાત્રા દર વર્ષે હજારો ભક્તો હિમાલયના આ મંદિરમાં આવે છે. 'નો ફ્લાઈંગ ઝોન' આદેશ લાગુ થયા પછી, સુરક્ષા દળો પવિત્ર યાત્રા દરમિયાન કોઈપણ વિક્ષેપ કે ખતરાને રોકવા માટે હવાઈ અને જમીની તકેદારી પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. વહીવટીતંત્રે જનતા અને યાત્રાળુઓને પ્રતિબંધોમાં સંપૂર્ણ સહયોગ આપવા અને શાંતિપૂર્ણ અને ઘટનામુક્ત યાત્રાધામ સુનિશ્ચિત કરવાના પ્રયાસોને સમર્થન આપવા વિનંતી કરી છે.

ખીણમાં ''વર્તમાન સુરક્ષા પરિસ્થિતિ''ને કારણે, ખાસ કરીને આ વર્ષે એપ્રિલમાં પહેલગામ આતંકવાદી હુમલામાં ૨૫ પ્રવાસીઓ અને એક સ્થાનિક વ્યક્તિના મોત થયા બાદ, લખનપુર ,જમ્મુ ,કાઝીગુંડ, પહલગામ અને લખનપુર-જમ્મુ-કાઝીગુંડ-શ્રીનગર-સોનમાર્ગ રૂટને નો-ફલાય ઝોન જાહેર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જ્યારે, બધા હિસ્સેદારોએ કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરમાં વર્તમાન સુરક્ષા પરિસ્થિતિ પર ચર્ચા કરી છે અને વધારાની લોજિસ્ટિક્સ જોગવાઈઓનો પ્રસ્તાવ મૂક્યો છે.

# ઈરાનમાં વસતા ભારતીયોને સંસાધાનો લઈ દેશ છોડવા દૂતાવાસની અપીલ

## તેહરાનમાં રહેલા અને દૂતાવાસના સંપર્કમાં ન હોય તેવા તમામ ભારતીય નાગરિકોને તાત્કાલિક તેહરાનમાં ભારતીય દૂતાવાસનો સંપર્ક કરવા તાકીદ

નવીદિલ્હી, તા. ૧૭

ઈરાનની રાજધાની તેહરાન પર ઇઝરાયલી ડ્રોન અને મિસાઈલો દ્વારા વારંવાર હવાઈ હુમલા કરવામાં આવતા ભારતે મંગળવારે એક નવી સલાહકાર જારી કરીને તેના નાગરિકો અને તેહરાનમાં રહેતા ભારતીય મૂળના લોકોને શહેર છોડી દેવા વિનંતી કરી છે. તેહરાનમાં ભારતીય દૂતાવાસે જેમની પાસે શહેર છોડી દેવાની ક્ષમતા છે તેમને વિલંબ કર્યા વિના તેમ કરવા જણાવ્યું છે. બધા ભારતીય નાગરિકો અને પીઆઈઓ જે પોતાના સંસાધનોનો ઉપયોગ કરીને તેહરાનની બહાર મુસાફરી કરી શકે છે તેમને શહેરની બહાર સલામત સ્થળે જવાની સલાહ આપવામાં આવે છે.

દૂતાવાસે એવા ભારતીય નાગરિકોને પણ અપીલ કરી છે જેમણે હજુ સુધી રિપોર્ટ કર્યો નથી કે તેઓ તાત્કાલિક મિશનનો સંપર્ક કરે. તેહરાનમાં રહેલા અને દૂતાવાસના સંપર્કમાં ન હોય તેવા તમામ ભારતીય નાગરિકોને તાત્કાલિક તેહરાનમાં ભારતીય દૂતાવાસનો સંપર્ક કરવા અને તેમનું સ્થાન અને સંપર્ક નંબર પ્રદાન કરવા વિનંતી કરવામાં આવે છે. ઇઝરાયલ અને ઈરાન એકબીજા પર સતત હવાઈ હુમલાના પાંચમા દિવસમાં પ્રવેશી ગયા છે, જેમાં બંને બાજુ સેંકડો લોકો માર્યા ગયા છે, ત્યારે આ પરામર્શ કરવામાં આવી રહ્યો છે.



ઈરાને દાવો કર્યો છે કે પાંચ દિવસની લડાઈમાં ૨૨૪ લોકો, જેમાં મોટાભાગે નાગરિકો માર્યા ગયા છે, જ્યારે ઈઝરાયલે ૨૪ નાગરિકોના મોતનો અહેવાલ આપ્યો છે. લગભગ ૩,૦૦૦ ઇઝરાયલીઓને સ્થળાંતર કરવામાં આવ્યા છે.

વધતા તણાવને ધ્યાનમાં રાખીને, ભારતે પણ ઈરાનથી પોતાના નાગરિકોને બહાર કાઢવાની પહેલ કરી છે. સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, ૧૧૦ ભારતીય નાગરિકોનો પહેલો જથ્થો સોમવાર અને મંગળવારની રાત્રે આર્મેનિયા પહોંચ્યો હતો. ભારતે ઈરાનને વિનંતી કરી હતી કે તેઓ દેશમાં ફસાયેલા ૧૦,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓને સુરક્ષિત રીતે બહાર કાઢે. જવાબમાં, તેહરાને તેના હવાઈ ક્ષેત્ર બંધ થવાનો ઉલ્લેખ કર્યો અને વિદ્યાર્થીઓને જમીન સરહદ દ્વારા અઝરબૈજાન, તુર્કમેનિસ્તાન અથવા અફઘાનિસ્તાનની મુસાફરી કરવાનું સૂચન કર્યું. મંગળવારે સતત પાંચમા દિવસે પણ ઇઝરાયલ અને ઈરાન વચ્ચે ગોળીબાર ચાલુ રહ્યો.

ઈરાની મીડિયાએ તેહરાનમાં વિસ્ફોટો અને ભારે હવાઈ સંરક્ષણ પ્રવૃત્તિના અહેવાલ આપ્યા હતા, શંકાસ્પદ ઇઝરાયલી હુમલા બાદ શહેરના પૂર્વમાં ધુમાડો જોવા મળ્યો હતો. રાજધાનીથી લગભગ ૩૨૦ કિમી દૂર મુખ્ય પરમાણુ સુવિધાઓ ધરાવતા નટાન્ઝમાં પણ હવાઈ સંરક્ષણ સક્રિય કરવામાં આવ્યું હતું. સૂત્રોએ ન્યૂઝ એજન્સી રોઈટર્સને જણાવ્યું હતું કે, ઈરાને ઓમાન, કતાર અને સાઉદી અરેબિયાને યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને તાત્કાલિક યુદ્ધવિરામ માટે ઇઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ પર દબાણ લાવવા માટે મનાવવા જણાવ્યું છે. બદલામાં, તેહરાને સંકેત આપ્યો છે કે તે પરમાણુ વાટાઘાટોમાં વધુ લવચીક વલણ અપનાવી શકે છે, એમ બે ઈરાની અને આ બાબતથી પરિચિત ત્રણ પ્રાદેશિક અધિકારીઓએ જણાવ્યું હતું.

# દેશમાં કોરાનાના ૭૦૦૦ સક્રિય કેસ

## છેલ્લા ૨૪ કલાક ૪૨૮ કેસોનો ઘટાડો : સક્રિય કેસોની સંખ્યા હવે ઘટીને ૬૮૩૬ થઈ

નવીદિલ્હી, તા. ૧૭

કોવિડ-૧૯ ચેપના નવા પ્રકારનો ફેલાવો ધીમો પડી જવાથી ભારતને મોટી રાહત મળી છે. ભારતમાં સતત ત્રીજા દિવસે કોવિડ ચેપના કેસોમાં ઘટાડો નોંધાયો છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના તાજેતરના આંકડા અનુસાર, દેશભરમાં સક્રિય કેસ ૭,૦૦૦ થી નીચે આવી ગયા છે. છેલ્લા ૨૪ કલાકમાં, દેશભરમાં એક દિવસમાં કોવિડ-૧૯ ચેપના ૪૨૮ કેસોનો ઘટાડો થયો છે. આ સાથે, સક્રિય કેસોની સંખ્યા હવે ઘટીને ૬૮૩૬ થઈ ગઈ છે. સોમવારે, ચેપના કેસમાં ૧૧૯ નો ઘટાડો થયો હતો.

આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં કેરળમાં સૌથી વધુ ૨૬૧ કેસ ઘટ્યા છે. આ ઉપરાંત, ગુજરાતમાં ૧૮૫, દિલ્હીમાં ૯૪, મહારાષ્ટ્રમાં ૨૮, આંધ્રપ્રદેશમાં ૧૮, સિક્કિમમાં ૧૩, આસામમાં ૩, તેલંગાણા-બિહાર-છત્તીસગઢ અને ગોવામાં ૧-૧ કેસ ઘટ્યા છે. આ ઘટાડા પછી, કેરળમાં કુલ કેસની સંખ્યા



હવે ૧૬૫૯ છે. હાલમાં, ગુજરાતમાં ૧,૨૪૮, કર્ણાટકમાં ૬૯૬, દિલ્હીમાં ૫૫૫, મહારાષ્ટ્રમાં ૫૧૨, ઉત્તર પ્રદેશમાં ૨૭૮, રાજસ્થાનમાં ૨૫૧, તમિલનાડુમાં ૨૨૨ અને હરિયાણામાં ૧૦૩ સક્રિય કેસ છે. ડોક્ટરોનું કહેવું છે કે મુંબઈ, પુણે અને દિલ્હી જેવા શહેરોની હોસ્પિટલોમાં ખૂબ જ ઓછા ગંભીર કેસ નોંધાઈ રહ્યા છે.

મોટાભાગના લોકો જેનો ટેસ્ટ પોઝિટિવ આવે છે તેમને મોસમી ફ્લૂ જેવા જ હળવા લક્ષણો હોય છે, જેમ કે તાવ, ગળામાં દુખાવો, ઉધરસ અને થાક. અગાઉના મોજાઓની સરખામણીમાં આ એક મોટો તફાવત છે. હોસ્પિટલ સિસ્ટમ તણાવમાં નથી. ''ડેલ્ટા અથવા શરૂઆતના ઓમિક્રોન તરંગોની તુલનામાં, આ તબક્કો ઘણો ઓછો ગંભીર છે,'' ડો. છાબરા કહે છે. ''ઓછા લોકો હોસ્પિટલમાં દાખલ થઈ રહ્યા છે, અને ICUનો ઉપયોગ નહિવત છે. આ વસ્તીની રોગપ્રતિકારક શક્તિમાં સુધારો થવાનો સ્પષ્ટ સંકેત છે. જ્યારે મોટાભાગના લોકો સુરક્ષિત છે, વૃદ્ધો અને અંતર્ગત બીમારીઓ ધરાવતા લોકો સંવેદનશીલ છે. વૃદ્ધ દર્દીઓ અને અસ્થમા, સીઓપીડી, ડાયાબિટીસ અથવા નબળી રોગપ્રતિકારક શક્તિ જેવા સહ-રોગ ધરાવતા દર્દીઓમાં આપણે થોડા વધુ ગંભીર ચેપ જોઈ રહ્યા છીએ.

## શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

### ચિંતનની ક્ષણે

# સમુદ્ર મંથન સમયે પ્રગટ થયેલ ''મોહિની'' પણ વિષ્ણુ નો એક અવતાર છે



મિત્રો- શુભ સવાર
હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ગુરુવારે વૈશાખ સુદ અગિયારસ એટલે કે મોહિની એકાદશી આવશે, પરંતુ આપણે ગુરુવારે પ્રાર્થના નાં ક્રમમાં નરસિંહના પદ વિશે વાત કરીશું. આજે વ્યાપક વિષ્ણુના સૌથી સૌમ્ય સ્વરૂપની વાત કરીશું, એ પહેલાં મોહિની એકાદશી નામની ગાથા જોઈએ.સમુદ્ર મંથન સમયે ભગવાને અમૃતને બચાવવા માટે આ દિવસે મોહિની સ્વરૂપ ધારણ કર્યું હતું. માટે આ દિવસને મોહિની એકાદશી કહેવામાં આવે છે.

બીજી એક દંતકથા મુજબ કૂર્મ પુરાણમાં વૈશાખ મહિનાના શુકલ પક્ષની મોહિની નામની એકાદશીનું માહાત્મ્ય બતાવતાં ભગવાન યોગેશ્વર કહે છે કે સીતા વિયોગમાં ભયભીત થયેલા શ્રીરામે પણ ગુરુ વશિષ્ઠને આ એકાદશીનું મહાત્મ્ય પુછ્યુ હતું. ત્યારે એમણે જણાવ્યું હતું કે વિષ્ણુ ભકિતમાં તત્પર તથા શાંત ચિત્તવાળા તે વાણિયાને પાંચ પુત્રો હતા, તેનાં નામો કહું છું તે સાંભળો : ૧. સુમના, ૨. દ્યુતિમાન, ૩. મેધાવી, ૪. સુકૃતિ અને ૫ ધૃષ્ટ બુદ્ધિ કે જે વૈશ્યા નો સંગ કરવાં વાળો જુગટુ રમવા વાળો અને મહા પાપી હતો. આવા પુત્રને પિતાએ ઘરમાંથી કાઢી મુક્યો અને એની ખરાબ સંગત ને કારણે એનું બધું ધન સમાપ્ત થયું, પછી એ ચોરી કરવા લાગ્યો, રાજ સેવકો દ્વારા પકડાયો, અને રાજાએ એને દેશ નિકાલની સજા ફરમાવી! એ જંગલી પશું ઓને મારી જીવતો હતો એવામાં એકવાર ઋષિ કૌન્ડિય ગંગા સ્નાન કરી ત્યાંથી પસાર થયા અને એની પર છાંટા પડયા! એને પહેલીવાર પોતાના કુકર્મ વિશે વિચાર આવ્યો અને એણે ઋષિ પાસે જઈ પ્રાયશ્ચિત નો માર્ગ પુછ્યો ત્યારે ઋષિ એ તેને વૈશાખ સુદ એકાદશી એટલે મોહિની એકાદશી નું વ્રત કરવાં કહ્યુ અને એ કરવાથી એને તમામ પાપમાંથી મુક્તિ મળી.

સમુદ્ર મંથનની આખી ઘટના જોતાં આપણને એમ લાગે કે દેવ દાનવો વચ્ચે પક્ષપાત થયો, અને એ પણ ઈશ્વર ને હાથે! જેને કારણે અમૃત દેવોને પ્રાપ્ત થયું, અને દાનવો આટલા મોટા સમુદ્રને મથવા છતાં કંઈ ન પામ્યા! મંથન જ ખોટી રીતે થયું હોય તો એવું થાય! પરંતુ ઈશ્વર કાર્યકારણ સિદ્ધાંતથી પરે હોય છે, માટે એને સાચું ખોટું સારું ખરાબ કોઈ જ વાત લાગુ પડતી નથી, એ સર્વજન હિતાય કે સર્વ જન સુખાય રીતે નિર્ણય કરે છે, અને કર્યા બાદ ભૂલી પણ જાય છે, એ નિર્ગુણ અને અગુણ પણ છે. ભગવાન વિષ્ણુનું વ્યાપક સ્વરૂપ હર ક્ષણ આપણને પોષતું હોવાં છતાં આપણે આનંદમાં રહી શકતા નથી, કારણ કે આપણે ભૂત અને ભવિષ્યની ગલીઓમાં વધારે ફરીએ છીએ, જ્યારે હકીકતમાં આપણે વર્તમાન તરફ દૃષ્ટિ કરીને જીવવું જોઈએ! અને દેખીતી રીતે આપણો વર્તમાન વિષ્ણુ છે, કારણ કે એ જ આપણું ભરણપોષણ કરી રહ્યો છે.

શાન્તાકારં ભુજગશયનં પદ્મનાભં સુરેશં,
વિશ્વાધારં ગગનસદૃશં મેઘવર્ણ શુભાગંમ્
લક્ષ્મીકાંત કમલનયમં યોગિભિર્ધ્યાનગમ્યમ્
વન્દે વિષ્ણુ ભવભયહરં સર્વલોકૈકનાથમ્

જેની આકૃતિ અતિશય શાંત છે, જે શેષનાગની સૈયા પર પણ શાંત સુતા છે, જેની નાભીમાં કમળ છે, જે દેવતાઓના પણ ઈશ્વર છે, સંપૂર્ણ જગતના આધાર છે,અને જે આકાશમાં સર્વત્ર વ્યાપ્ત છે. નીલા રંગના મેઘ જેમ જેનો વર્ણ છે, અતિશય સુંદર જેના બધાં અંગો છે, જે યોગી અને મુનિઓ દ્વારા ધ્યાનથી પ્રાપ્ત થાય છે એ જ સર્વલોકના નાથ વિષ્ણુ છે.

ક્ષીર સાગર મધ્યે શેષનાગની ફણા પર ભગવાન વિષ્ણુ શાંત મુદ્રામાં સૂતા છે, અને જેણે વિશ્વને ધારણ કર્યું છે, એ કલ્પના પણ કઠિન લાગે છે, અને છતાં એ શાંત છે, અને ઉપરથી વિશ્વભરનું ભરણપોષણ કરે છે. સામાન્ય રીતે આ શ્લોક આપણને વિષ્ણુની શકિતથી અચંબિત કરે, કે કેટલા સામર્થ્યવાન હશે? અને છે એમાં કોઈ શંકા પણ નથી. પરંતુ આપણે અલગ રીતે ચિંતન કરીએ તો અમુક ઉંમર પછી અને એમાં પણ જવાબદારી શરૂ થાય એટલે વર્તમાન શેષનાગની જેમ થોડો અટપટો અને મોટેભાગે કાળ જેવો જ લાગે છે. વિષ્ણુનાં આ શ્લોકમાં ક્ષીર સાગરની વાત થઈ છે, તો આમાંથી આપણે ત્રણ લોક સ્પષ્ટ જુદા પડે. આકાશનો તો ઉલ્લેખ પણ છે, અને સાગરને તળિયે પાતાળ. આકાશ એટલે ઉપરનું અથવા આગળનું એમ વિચારીએ, તો ભવિષ્ય અને પાતાળ એટલે ભૂતકાળ આ બધું જ સમ કરવાનું છે, અને એ પણ શેષનાગની સૈયા પર. એટલે ટકી રહેવું હોય તો શેષનાગની શૈયા એટલે કે વર્તમાન પર ફોકસ કરવું પડે. નહીં તો શેષનાગની ફણા પરથી પછડાઈ પડીએ, અને અસ્તિત્વ જોખમમાં મુકાઈ જાય! અને જો વર્તમાન ને સહજ સ્વીકારવામાં આવે તો પછી આપણા જીવનના અંગો પણ વિષ્ણુની જેમ સુંદર દેખાશે, આપણો વર્ણ પણ મેઘની જેમ નીલો એટલે કે અન્યને પણ આનંદ આપનારો થશે, નાભીમાં અલૌકિક શક્તિનું કમળ ખીલશે, અને યોગીઓ એટલે કે ઈજ્જતદારની વચ્ચે આપણી પ્રતિષ્ઠા થશે.

પણ જો અને તો ની જેમ પરિસ્થિતિને કાબુમાં કરવી હશે, તો કાળના રોદણાં રડવાનું બંધ કરીને જે કંઈ છે તેનો સહજતાથી સ્વીકાર કરવો પડશે! એટલે અઘરું તો છે, પરંતુ ખુદને અહેમિયત દેવાની ટેવને કારણે પરિસ્થિતિ જે હોય એની કરતાં આપણે એને મોટું સ્વરૂપ આપી દેતા હોઈએ છીએ. થોડાક શાંત થઈએ તો પરિસ્થિતિ સામે ટકી રહેવાની શક્તિ આપોઆપ પ્રાપ્ત થાય છે, અને એ શક્તિ તો નાભીમાં એટલે કે જે ખુદમાં જ પડેલી છે, માત્ર તેના પરથી આવરણ હટાવવાનું છે. કમળ એટલે કે અન્ય બાબતોથી અસંગ થઈએ ત્યારે આ શક્તિ ખીલે છે. અન્ય બાબતમાં નિંદા, ઈર્ષા, અદેખાઈ, રાગ, દ્વેષ, મોહ, માયા, મમતા, ક્રોધ, લોભ, રુપે જે કાદવ કીચડ વાળા ભાવ છે, એનાથી અસંગ થઈએ ત્યારે જ આ અલૌકિક શક્તિનું કમળ પ્રાપ્ત થાય છે, અને એ આપણને વિષ્ણુની જેમ માત્ર આપણું નહીં અન્યનું પાલનપોષણ કરતાં શીખવે છે. આ વાતને બીજી રીતે પણ આપણે લઈ શકીએ. એટલે કે આપણી પર સતત મંડરાતી ભ્રમર જેવી ભોગવૃત્તિનાં ભમરાને દૂર કરવા માટે, અન્યનું ભરણપોષણ કરવાની શરૂઆત કરીએ તો વર્તમાનની વિટંબણા આપોઆપ ઓછી લાગે, અથવા પરેશાન ન કરે. વિષ્ણુ સ્થુળ સ્વરૂપે, અને સૂક્ષ્મ સ્વરૂપે સુંદર એટલે છે કે, તે વિશ્વનું ભરણપોષણ કરે છે. આપણે પણ આપણા અંગોને સુંદર બનાવવા હોય તો, આ વિચારને મંત્ર બનાવી જીવવાની શરૂઆત કરવી જોઈએ. પરંતુ જો પ્રતિષ્ઠા માટે આ કામ થશે, તો એ થોડો અહમ ઊભો કરશે, અને એ સચ્ચિદાનંદ સ્વરૂપ સુધી પહોંચવામાં બાધા બની શકે.ઉનાળાને કારણે તાપમાન ધીરે ધીરે વધી રહ્યું છે લોકો ગરમીને ઓછી કરવા જાત ભાતના પ્રયોગો કરે છે. પરંતુ મોંઘવારીને કારણે દરેક પરિવારમાં એનું પ્રમાણ વધતુ ઓછું રહે. આપણા પ્રારબ્ધને કારણે આપણી થાળીમાં તો કેરી કે અન્ય વ્યંજન છે, પરંતુ જેની થાળીમાં નથી એના ઘરે આપણા થકી ગરમી ઓછી થાય એ રીતનો આનંદ પહોંચે તો શાંતિ મળે, અને એ છે વિષ્ણુની શેષનાગની સૈયા, કે જ્યાં સુઈને એ પોતાની માટે નથી વિચારતાં, માટે ત્યાં સ્થિર રહી શકે છે. તો આ રીતે આ શ્લોકનો અર્થ કરી આપણું ભરણ પોષણ વિષ્ણુ પર છોડી, અન્યનું ભરણ પોષણ કરવું, બસ આ રીતે થોડી સામાજિક જવાબદારી સ્વીકારવી એ વિષ્ણુ પૂજા છે.

આવનારા સમયમાં વધુને વધુ કઠિન પરિસ્થિતિ ઉભી થવાની છે, અને જો એ પરિસ્થિતિ પ્રમાણે આપણે ટકી રહેવું હોય તો આ રીતે શાસ્ત્રોક્ત અર્થ ઉપરાંત આ રીતે પ્રેક્ટીકલ અર્થ કરીશું ત્યારે જ ઝડપથી સમાધાન કરીને સહજતાથી સ્વીકારી શકીશું. આપણે સૌ આવનાર સમય સાથે વગર ફરિયાદ ચાલી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

### આડા અવળા સંબંધોનું વધુ એક ગંભીર પરિણામઃ પરિવારનો માળો પિંખાયો

# આડાસંબંધની શંકાએ ખેડૂતને ઝાડવે બાંધી હત્યા

## નવ જણાએ દરોડા, ધોકાથી એવા ફટકાર્યા કે આધેડના રામ રમી ગયાઃ બીજી ઘટનામાં સગીરાને પ્રેમના નામે ફસાવી દૂષ્કર્મ આચરી ગર્ભ રાખી દેવાયો

રાજકોટ તા. ૧૭

લવલફરા, આડાસંબંધોનો અંજામ મોટે ભાગે અત્યંત કરૂણ આવતો હોય છે. તો ઘણીવાર આવા સંબંધોની શંકાને કારણે પણ ગંભીર ઘટનાનો ઘટી જતી હોય છે. રાજ્યમાં અલગ અલગ અને નાના મોટા કારણોસર હત્યાની ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. નહિ જેવી વાતે પણ લોકો એક બીજાનો જીવ લઇ લેતાં અચકાતા હોતાં નથી. ત્યારે એક ચોંકાવનારી હત્યાની ઘટના સામે આવી છે જેમાં એક ખેડૂતને ઝાડ સાથે બાંધી નવ જણાએ બેફામપણે માર મારી તેને મોતને ઘાટ ઉતારી દીધો છે. આડાસંબંધની શંકા રાખી આ ગુનાને અંજામ અપાયો હતો.

અનેક એવા કિસ્સા બની ચુક્યા છે જેમાં પ્રેમપ્રકરણ લોહીયાળ બન્યા છે, આડાસંબંધની શંકાને કારણે અપહરણ કરી મારકુટ કરવામાં આવી છે તો ક્યારેક હત્યા પણ કરવામાં આવી છે. આવી જ ઘટના સાવરકુંડલા પંથકમાં બની છે. સાવરકુંડલાના મઢડા ગામે ખેતી કામ કરતાં વ્યક્તિને આડા સંબંધો હોવાનો વહેમ રાખી નવ જેટલા લોકોએ ખેડૂતને વૃક્ષ સાથે દોરડા વડે બાંધી પાઇપ, લાકડી અને ગડદાપાટુંનો માર મારી મોતને ઘાટ ઉતારી દીધો હતો. ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને સમગ્ર મામલે ઉંડાણપૂર્વક તપાસ હાથ ધરી હતી.

ચકચારી એવી આ ઘટનાની પોલીસ સુત્રોમાંથી મળેલી માહિતી પર નજર કરીએ તો સાવરકુંડલાના વીરડી ગામના વતની પિસ્તાલીસ વર્ષના પરષોત્તમભાઈ ઉર્ફે ચનાભાઇ ગોહિલ મઢડા ગામે ભાગવી ખેતીની જમીન રાખી ખેતી કરતા હતા. ત્યારે આડા સંબંધનું મન દુઃખ રાખી નવ જેટલા લોકોએ ઝાડ સાથે દોરડા વડે બાંધી પાઇપ,લાકડી અને ગડદાપાટુંનો ઢોર માર માર્યો હતો. ત્યારબાદ ગંભીર રીતે ઇજાગ્રસ્ત ચનાભાઇ ઉફ સનાભાઇ ગોહીલને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના હાજર ડોક્ટરો દ્વારા તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. નવ




જેટલા લોકોએ ભેગામળીને ખેડૂતને મોતને ઘાટ ઉતારી દેવાની ઘટના અંગે પોલીસને જાણ થતાં પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યા હતો.

હત્યાનો ભોગ બનેલા પરષોત્તમભાઇ ઉર્ફ સનાભાઇના ભાઇએ સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનમાં નવ જણા વિરૂદ્ધ પોલીસ ફરિયાદ આપતાં પોલીસે એફઆઇઆર લઇ તમામને ઝડપી લેવા કાર્યવાહી હાથ ધરી હતી. સમગ્ર ઘટનાએ સાવરકુંડલા પંથકમાં ચકચાર જગાવી દીધી છે.

પ્રેમના નામે હવસખોરીની અન્ય એક ઘટના પર નજર કરીએ તો સત્તર વર્ષની સગીરાને ફસાવીને ઢગાએ હવસખોરી આચરતાં તેણી ગર્ભવતી બની ગઇ હતી. સુરતની ખટોદરા પોલીસે એક સત્તર વર્ષીય સગીરા સાથે દુષ્કર્મ આચરી ગર્ભવતી બનાવનાર આરોપી સોનુકુમાર રાજધીરજ વર્માને તેના વતન ઉત્તર -દેશના અમેઠી જિલ્લામાંથી ઝડપી પાડ્યો છે. આરોપી સગીરાને લગ્નની લાલચ આપી છેલ્લા એક વર્ષથી દુષ્કર્મ આચરતો હતો, જેના પરિણામે સગીરા ચાર માસની ગર્ભવતી બની હતી. આરોપ છવ્વીસ વર્ષીય સોનુકુમાર રાજધીરજ વર્મા, જે મૂળ પુરે શીતલ કુર્મી, મંગૌલી, દૌલતપુરા નિસુરા, જગદીશપુર, અમેઠી, ઉત્તર પ્રદેશનો રહેવાસી છે. હાલ સુરતના ઉધના વિસ્તારમાં રહી મજૂરી કરે છે. તેણે ભોગ બનનાર સગીરા સાથે મિત્રતા કેળવી હતી. આ મિત્રતાનો લાભ ઉઠાવી, તેણે સગીરાને લગ્નની લાલચ આપી વારંવાર દુષ્કર્મ આચર્યું હતું.

આ કૃત્યના પરિણામે, સગીરા ચાર માસની ગર્ભવતી બની હતી. આ હકીકત સામે આવતા જ આરોપી સોનુકુમાર પોતાના વતન શીતલ કુર્મી, મંગૌલી, દૌલતપુરા નિસુરા, જગદીશપુર, અમેઠી, ઉત્તર -દેશ ખાતે નાસી છૂટ્યો હતો. ખટોદરા પોલીસને મળેલી બાતમીના આધારે, એક ટીમ જગદીશપુર, અમેઠી ખાતે રવાના કરવામાં આવી હતી. પોલીસે આરોપીની વોચ ગોઠવી તેને તેના વતનમાંથી ઝડપી પાડ્યો હતો. આરોપીને સુરત લાવી તેની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ કેસમાં દુષ્કર્મ અને પોક્સો એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આમ પ્રેમના નામે વધુ એક ખેલ ખેલાઇ ગયો હતો.

# જિ.પંચાયતની દીવાલ ધરાસાય

## આસપાસના મકાનોને પહોંચી નુકશાની : જર્જરિત ઈમારતોની તૈયાર થશે યાદી



રાજકોટ, તા. ૧૭

ચોમાસુ જ્યારથી બેસે ત્યારથી તંત્ર માટે એકજ માથાનો દુખાવો હોય છે કે જે જર્જરિત મકાનો છે તેનું શું ? ત્યારે તંત્ર માટે એજ પ્રશ્ન છે કે આ જર્જરીત મકાનની મરામત કરવામાં આવે. માત્ર રહેણાંક મકાન જ નહીં સરકારી કચેરી પણ ઘણી ખરી જર્જરિત છે. ત્યારે ચોમાસામાં જો કોઈ જર્જરિત મકાન ધરાશાઈ થાય તો તેની નુકશાની અન્ય મિલકતોને પણ થાય છે. ત્યારે અત્યારથી તંત્ર માટે મહત્વનું એ છે કે આ પ્રકારની મિલકતોનું હવે શું કરી શકાય. હાલ જિલ્લા પંચાયતની જૂની કચેરીમાં નવા બિલ્ડિંગનું કાર્ય ચાલી રહ્યું છે. ત્યારે ગઈકાલે કચેરીની જૂની અને જર્જરિત દીવાલ ધરાશાયી થઈ હતી અને તેની બાજૂના મકાનને પણ ઘણી અસર પહોંચી છે. ત્યારે જિલ્લા પંચાયત તંત્ર જિલ્લામાં જર્જરિત મકાનોની યાદી તૈયાર કરી રહ્યું છે. જેથી જરૂરી આદેશ આપી તેની મરામત કરવી શકાય.

રાજકોટ જીલ્લા પંચાયતના નવા બિલ્ડીંગની કામગીરી ચાલી રહી છે તેવા સમયે વરસાદી માહોલમાં જુની-જર્જરીત દિવાલ ધસી પડી હતી. જો કે સદનસીબે કોઈ જાનહાની ન હતી. પરંતુ નજીકના અન્ય એક મકાનને નુકસાન થયુ હતું. રાજકોટમાં ગઈકાલ સાંજથી એકધારો હળવો વરસાદ વરસી રહ્યો છે. આ દરમ્યાન જીલ્લા પંચાયતની ભીલવાસમાં પાછળના ભાગની જર્જરીત દિવાલ ધસી પડી હતી.જીલ્લા પંચાયતના વર્તમાન બિલ્ડીંગનું નવનિર્માણ થઈ રહ્યું છે. મુખ્ય બિલ્ડીંગ તો તોડી નાખવામાં આવ્યુ છે. કમ્પાઉન્ડ વોલ કે તેને લાગુ દિવાલોનું કામ છેલ્લી ઘડીએ કરવાનુ થતુ હોય છે.

સૂત્રોના કહેવા પ્રમાણે જીલ્લા પંચાયતની કમ્પાઉન્ડ વોલ, ભીલવાસ, યાજ્ઞીકરોડ, પોલીસ કમિશ્નર કચેરી જેવા ભાગમાં આવતી હોય છે. ભીલવાસમાં પડતી દિવાલ ધસી પડી હતી.

કોઈ જાનહાની ન હતી. પરંતુ બાજુના મકાન પર દિવાલનો ભાગ પડતા તેમાં નુકશાન થયુ હતું એમ કહેવાય છે કે આ દિવાલ તોડવાના બદલે કુદરતી રીતે જ તૂટી હતી. સદનસીબે જાનહાની ન હોવાથી હાશકારો અનુભવાયો હતો.

### રાજ્યમાં ૬ થી ૧૩ ઓગસ્ટ દરમિયાન સંસ્કૃત સપ્તાહ ઉજવી સંસ્કૃતમય વાતાવરણ ઊભું કરવાના પ્રયાસો હાથ ધરાશે

# સંસ્કૃત જન-જન સુધી પહોંચાડવા પાંચ પ્રોત્સાહક યોજનાઓ લોંચ

રાજકોટ, તા. ૧૭

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા રાજ્યમાં સંસ્કૃત ભાષા અને સાહિત્યનાં જન માનસમાં પ્રચાર-પ્રસાર દ્વારા પ્રાચીનતમ ભાષા સંસ્કૃતને પ્રોત્સાહન તેમજ જતન-સંવર્ધન માટે યોજના પંચકમ લોંચ કરી હતી.મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલી ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડની સ્થાયી સમિતિની બેઠકમાં તેમણે બોર્ડના લોગોનું અનાવરણ પણ શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોર અને સંસ્કૃત બોર્ડના અધ્યક્ષ ડો. હિમાંજય પાલીવાલની ઉપસ્થિતિમાં કર્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વિરાસત ભી, વિકાસ ભીનો મંત્ર આપ્યો છે. આ મંત્રને આપણી પ્રાચીન ભાષા સંસ્કૃતના સમાયાનુકૂળ સંવર્ધન અને પ્રચાર-પ્રસારથી પાર પાડવા રાજ્ય સરકારે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડની સ્થાપના ૨૦૨૦માં કરેલી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા સંસ્કૃત ભાષા અને સાહિત્યનો વ્યાપક પ્રચાર થાય અને આ પ્રાચીન ભાષા જન-જન સુધી પહોંચે તેવા હેતુસર સંસ્કૃત સપ્તાહોત્સવ, સંસ્કૃત સંવર્ધન સહાયતા યોજના, સંસ્કૃત પ્રોત્સાહન યોજના અને ભગવત ગીતા યોજના તથા શત સુભાષિત કન્ઠ પાઠ યોજના એમ યોજના પંચકમ્ પ્રથમ ચરણમાં લોંચ કરવામાં આવી છે.

આ યોજના પંચકમ માં જે પાંચ યોજનાઓ સમાવિષ્ટ છે. તેમાં સંસ્કૃત સપ્તાહોત્સવ યોજના અન્વયે સપ્તાહ દરમિયાન સમગ્ર ગુજરાતમાં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ અન્ય સંગઠનો દ્વારા ઉજવણી કરવામાં આવશે.સમગ્ર વાતાવરણ સંસ્કૃતમય બને તેવા પ્રયત્નો કરવામાં આવશે. દર વર્ષે શ્રાવણ સુદ પૂનમ (રક્ષાબંધન) ને સંસ્કૃત દિવસ તરીકે ઉજવવામાં આવે છે.



સંસ્કૃતભાષા અને સાહિત્યના પ્રચાર પ્રસાર માટે કાર્યશાળા, સંમેલન, પ્રશિક્ષણ, નવાચાર, સમારોહ, સંશોધન જેવી વિવિધ પ્રવૃત્તિઓ માટે દરખાસ્ત કરનાર સંસ્થાને બોર્ડ જરૂરી નાણાકીય સહાય કરશે. જે માધ્યમિક શાળામાં ધોરણ ૧૦ માં નોંધાયેલી સંખ્યા ૧૦૦થી ઉપર હોય તેવી શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાનમાં રાખી તમામ વિદ્યાર્થીઓ સંસ્કૃત વિષય સાથે અભ્યાસ કરે તો બોર્ડ દ્વારા જેતે સંસ્થાને નાણાંકીય સહાય આપવામાં આવશે. આ યોજના અંતર્ગત ગુજરાતના અબાલવૃદ્ધ સૌ વૈશ્વિકગ્રંથ શ્રીમદ્ ભગવદગીતાથી પરિચિત થાય તે માટે પ્રયત્ન હાથ ધરાશે. માનવીય મુલ્યોના નૈતિક વિકાસ માટે ૧૦૦ સુભાષિત લોક સમુદાયમાં ઉત્તમ નાગરિક ઘડતર માટે મુકવામાં આવશે. ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડની સ્થાયી સમિતિની બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ બોર્ડની પ્રવૃત્તિઓનું પ્રસ્તુતિકરણ કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીએ ગુજરાત સરકારની સંસ્કૃત સંબંધિત નીતિઓ અને યોજનાઓના અમલીકરણ માટે નોડલ એજન્સી તરીકે કાર્યરત આ બોર્ડની પ્રવૃત્તિઓના વ્યાપ અને ભવિષ્યલક્ષી આયોજનો અંગે પણ બેઠકમાં માર્ગદર્શન આપ્યું હતું.

### ગઠીયાઓ કેવા કેવા અજબ ગજબના નુસ્ખા અજમાવે છે તેની વધુ એક પ્રતીતિ કરાવતો કિસ્સો

# ચામડીની સારવારના નામે ઠગ ડોક્ટરે પડાવ્યા પચ્ચીસ લાખ

## કંપનીના અધિકારી પત્નિ સાથે કામ માટે નીકળ્યા ત્યારે કહેવાતો એજન્ટ મળ્યો અને ડોક્ટરના નંબર આપ્યાઃ ગઠીયાએ ઘરે આવી ચામડીમાંથી કીડા કાઢવાના નામે આચર્યુ ઠગાઇનું કારસ્તાન

રાજકોટ, તા. ૧૭

કહેવાતા ડોક્ટર દ્વારા પગની કે શરીરના દુઃખાવાની સારવાર કરવાના બહાને લાખો રૂપિયા પડાવવાની ઘટનાઓ અગાઉ પણ બની ચુકી છે. આવો વધુ એક કિસસો સામે આવ્યો છે જેમાં એક પાવર ગ્રીડના અધિકારીની સ્કીનની સારવારના નામે કહેવાતા ડોક્ટરે સાડા પચ્ચીસ લાખ પડાવી લીધા છે. કહેવાતા ડોક્ટરે આ અધિકારીને તમારી ચામડીમાં કીડા પડી ગયા છે તે કાઢવા પડશે તેવું કહીને એક કીડો કાઢવાના ત્રણ હજાર ભાવ નક્કી કરી તેમની સાથે સારવારના નામે લાખોની ઠગાઇ કરી લીધી હતી. રાજકોટમાં પણ આ પ્રકારે અગાઉ એક ફીઝીયોથેરાપીસ્ટના વૃધ્ધ પિતા સાથે પગના દુઃખાવાની સારવારના નામે લાખોની ઠગાઇ થઇ હતી. જેમાં ગઠીયાએ ઇન્જેક્શનથી ગોઠણમાંથી રસી કાઢવાના નામે ફ્રોડ આચર્યુ હતું.

નવતર ફ્રોડથી ઘટના પર નજર કરીએ તો વડોદરા શહેરમાં ગેરેન્ટી સાથે રોગ મટાડવાની ખાતરી આપી લાખો રૃપિયા પડાવી લેતા ગઠીયાઓ દર્દીઓના ખિસ્સા હળવા કરી રહ્યા છે ત્યારે સમા વિસ્તારમાં રહેતા કેન્દ્ર સરકાર હસ્તકની કંપનીના એક ઉચ્ચ અધિકારીએ આવી જ રીતે રૂપિયા ૨૫.૪૩ લાખ ગુમાવતાં સમા પોલીસે કથિત ડોક્ટર વારીસ સામે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે. સમા-સાવલી રોડ પર પાવર ગ્રીડ નિકેતનના એ-ટાવરમાં રહેતા અને પાવર ગ્રીડ નિકેતન કંપનીમાં ચીફ મેનેજર તરીકે ફરજ બજાવતા ગૌરવ રાઠોડ સાથે સારવારના નામે ઠગાઇ થઇ છે. પોલીસ સુત્રોએ જણાવ્યું હતું કે અધિકારીને સ્કીનનો રોગ હોવાથી કેટલાક ડોક્ટરો પાસે સારવાર કરાવી હતી. પતિ-પત્નિ એક કામ માટે નીકળ્યા ત્યારે એક અજાણ્યો શખ્સ તેમની પાસે આવ્યો હતો અને તમારા જેવી સ્કીનની મને તકલીફ હતી, પણ યુનાની સારવાર કરવાથી હવે કોઇ તકલીફ રહી નથી તેમ કહી ડો.વારીસનો નંબર આપ્યો હતો.

ત્યારબાદ દંપતીએ વારીસને ફોન કરતાં તે ત્રણ દિવસમાં જ ઘેર આવી ગયો હતો અને ફૂંકણીથી અધિકારીના શરીરમાંથી પિત્ત જેવો રસ અને એક કીડો કાઢ્યા હતા.તેણે ઘણા કીડા કાઢવા પડશે તેમ



કહી એક કીડાની કિંમત રૂપિયા ત્રણ હજાર નક્કી કરી પહેલે દિવસે રૂપિયા ૧.૫૦ લાખના કીડા કાઢ્યા હતા.પછી તેણે વધુ સારવારના નામે રૂપિયા ૧૦.૫૦લાખ પડાવ્યા હતા અને ૩.૩૦લાખની દવા આપી હતી. ફેર નહિ પડતાં વારીસે રાવપુરાની દુકાનેથી બીજી ૫.૨૧લાખની દવા અપાવી કુલ રૂપિયા ૨૫.૪૩લાખ પડાવ્યા બાદ સંપર્ક ઓછો કર્યો હતો અને દવા મંગાવવી હોય તો જાણ કરજો તેમ કહ્યું હતું. જેથી અધિકારીની પત્નિએ સમા પોલીસને જાણ કરતાં ડીસીપી પન્ના મોમાયાએ પીઆઇ એમબી રાઠોડને તપાસ સોંપી હતી.પોલીસ વારીસની પૂછપરછ કરી રહી છે.

વધુ માહિતી અનુસાર અક્ષરચોક વિસ્તારમાં રહેતા સિનિયર સિટિઝન વકીલ નિરંજનકુમાર તેમના પત્નિ સાથે અલકાપુરી હવેલીથી નીકળીને કાર તરફ જતા હતા ત્યારે નિતીન અગ્રવાલ નામના શખ્સે તેની માતા અને પત્નિને યુનાની સારવારથી હવે કોઇ તકલીફ રહી નથી તેમ કહી ડો. સિદ્દીકીનો નંબર આપ્યો હતો. પછી સિદ્દીકીએ ઘેર આવીને ઘૂંટણમાંથી પશ કાઢવા એક વખતના રૂપિયા ૪ હજારનક્કી કરી ૮૯ વખત પરૂ કાઢ્યું હતું અને ડિસ્કાઉન્ટ સાથે ૩.૫૧ લાખ લીધા હતા અને ત્યારબાદ મહિલાને કોઇ ફેર નહિ પડતાં અને સિદ્દીકીએ પણ રિસ્પોન્સ નહિ આપતાં જેપી રોડ પોલીસમાં ગુનો નોંધાયો હતો. યુનાની સારવારના નામે રાજસ્થાનથી આવતા બોગસ ડોક્ટરોનું મોટું નેટવર્ક ચાલતું હોવાની પોલીસને પ્રાથમિક માહિતી મળી છે.

પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર કથિત યુનાની ડોક્ટરો તેમના એજન્ટો મારફતે બગીચા,મંદિરો,મોલ કે હોસ્પિટલો પર નજર રખાવતા હોય છે. પૈસા ખર્ચી શકે તેવા અને અસાધ્ય રોગથી પીડાતા હોય તેવા લોકોને મળીને એજન્ટો પોતાના ઘરના મેમ્બરને થયેલા ફાયદાની વાત કરી વિશ્વાસમાં લેતા હોય છે. પીડિત વ્યક્તિ યુનાની ડોક્ટરનો સંપર્ક કરે એટલે બે-ત્રણ દિવસમાં જ ડોક્ટરો ઘેર પહોંચી જતા હોય છે અને પરૂ કાઢવાના નામે કે કીડા કાઢવા જેવી સારવારના નામે રૂપિયા પડાવી લેતા હોય છે. સામેવાળાને વિશ્વાસમાં લેવા ચેકથી પણ પેમેન્ટ લેતા હોયછે.

સમા સાવલી રોડના અધિકારીએ ફોન કરતાં વારીસ એક સપ્તાહ પછી આવીશ તેમ કહી ત્રણ દિવસમાં જ આવી ગયો હતો અને સારવાર કરી હતી. કોઇ ફેર નહિ પડતાં તેણે દવા બદલવી પડશે તેમ કહી રાવપુરાના બી એ ફતેહઅલીખાન એન્ડ સન્સને ત્યાં મોકલી દુકાનદાર સાથે ફોન પર વાત કરી હતી અને રૂપિયા ૫.૨૧ લાખની દવા અપાવી હતી. એ પછી સતત સારવારના નામે નાણા પડાવ્યા હતાં.

### લોકોના જાનમાલનું રક્ષણ કરવાની જેની જવાબદારી છે એ જ ખોટુ કરે તો?

# ખાખીને દાગ : ચોરીનો માલ કોન્સ્ટેબલે જ છૂપાવ્યો'તો ઘરમાં

## ત્રણ તસ્કરોએ સાડા સત્યાવીસ લાખની માલમત્તા ચોરી : વાઘોડિયા પોલીસ મથકે ફરિયાદ નોંધાઇ : ધરપકડ-રિમાન્ડ

રાજકોટ તા.૧૭

લોકોના જાનમાલનું રક્ષણ કરવાની જેના ખભે જવાબદારી છે તે ખાખીધારીઓ પોતાની ફરજ નિષ્ઠાપુર્વક બજાવતાં હોય છે. પરંતુ અહિ પણ અમુક એવા હોય છે જે પોતાની કરતૂતોને કારણે ખાખીને દાગ લગાવતાં હોય છે. ચોરી અટકાવવાનું કામ પોલીસનું છે, ચોરને પકડવાનું કામ પોલીસનું છે. પરંતુ જો પોલીસ જ ચોરીનો લાખોનો માલ ચોર પાસેથી લઇને પોતાની પાસે છુપાવી રાખે તો શું થાય? કંઇક આવી જ એક ઘટના સામે આવી છે. જેમાં એક પોલીસ કોન્સ્ટેબલે તસ્કરોને ચોરેલા સત્યાવીસ લાખ છપ્પન હજારનો માલ છુપાવી રાખ્યો હતો. તપાસ દરમિયાન તેના ઘરમાંથી ચોરાઉ માલ મળતાં ચકચાર મચી ગઇ હતી. બીજી તરફ તસ્કરોએ જ્વલેર્સ સહિતની દૂકાનોના તાળા તોડી સાડા ચાલીસ લાખની ચોરી કર્યાનો બનાવ બની ગયો હતો.

ઘટના પર નજર કરીએ તો વાઘોડિયા ટાઉનમાં દ્વારકાધીશ મંદિર પાસે આવેલ બંધ મકાનના તાળા તોડી બે મહિના અગાઉ તસ્કરોએ આશરે ૩૪૫ ગ્રામ સોના ચાંદીના દાગીના કિંમત ૨૭,૫૬, ૦૦૦ તથા ૨૭ હજાર રોકડની ચોરી કરતાં ચકચાર મચી હતી. ચોરીની ઘટના બાદ ચોરીનો મુદ્દામાલ જરોદ પોલીસ કોન્સ્ટેબલના ઘરમાંથી મળી આવતાં વાઘોડિયા પોલીસે જરોદ કોન્સ્ટેબલ વિરુદ્ધ પુરાવા એકઠા કરી રવિવારે મોડી રાતે તેની અટકાયત કરી હતી.

વધુ માહિતી અનુસાર વાઘોડિયામાં નિવૃત્ત વન વિભાગના ફોરેસ્ટર જીતેન્દ્રભાઇ કાશીવાલાના બંધ મકાનના દરવાજાનું તાળું તોડી તસ્કરોએ આશરે ૨૭. ૫૬ લાખના સોના ચાંદીના દાગીનાની ચોરી કરવાના ચકચાર બનાવમાં વાઘોડિયા પોલીસ મથકે ફરિયાદ નોંધાઇ હતી. આ ચોરીનો ભેદ કેલવા ડીવાયએસપી વડોદરા ગ્રામ્ય, વડોદરા એલસીબી તેમજ ડૉગસ્ક્વોડ અને ફોરેન્સ વિભાગની ટીમો સહિત વાઘોડિયા પોલીસે તસ્કરોને ઝડપી પાડવા જાહેર માર્ગ પરના સીસીટીવી તપાસ્યા હતા. ચોરીની ઘટનાની રાતે એક શંકાસ્પદ સ્વિફ્ટ કાર સીસીટીવીમાં જોવા મળતાં ચોરીના ગુનાનો ભેદ ઉકેલી પોલીસ આરોપી સુધી પહોંચી હતી.

આ ગુનામાં ચાર આરોપીની ધરપકડ કરાઇ હતી. બાદ ચોરીના દાગીનાનો મુદ્દામાલ જરોદ પોલીસના કોન્સ્ટેબલ ચિરાગ ઝિંઝુવાડિયાને આરોપીઓએ આપ્યાનો ઘટસ્ફોટ આરોપીની અટકાયત બાદ પોલીસ સમક્ષ થતાં વાઘોડિયા પોલીસે ચોરીનો મુદ્દામાલ કોન્સ્ટેબલના ઘરમાંથી રિકવર કર્યો હતો. આમ પોલીસ કોન્સ્ટેબલે ચોરીનો મુદ્દામાલ રાખી આરોપીઓને યેનકેન પ્રકારે મદદ કરી હોઇ વાઘોડિયા પોલીસે કોન્સ્ટેબલ ચિરાગ ઝિંઝુવાડિયાને આરોપી બનાવવા તેની સામે તપાસ કરતાં પુરાવા મળી આવતાં તેની મોડી રાત્રે ધરપકડ કરી હતી. આરોપી કોન્સ્ટેબલને વાઘોડિયા કોર્ટમા પોલીસે રજૂ કરતાં એક દિવસના રિમાન્ડ કોર્ટે મંજૂર કર્યા હતા. આ ઘટનાએ પોલીસબેડામાં ચકચાર જગાવી દીધી હતી.



### અન્ય ઘટનામાં જ્વેલર્સ સહિતને નિશાન બનાવી સોળ લાખની મત્તાની ચોરી

બીજી તરફ અમદાવાદમાં પ્લેન ક્રેશની ઘટનાના કારણે શાહીબાગ સહિતની પોલીસ સિવિલ અને મેઘાણીનગરમાં બંદોબસ્તમાં વ્યસ્ત હતી જેનો લાભ ઉઠાવીનશાહીબાગમાં સોની સહિતની આઠથી વધુ દુકાનોના તાળાં તોડીને રોકડ રૂપિયા ૬૮ હજાર અને સોના ચાંદીના દાગીના સહિત કુલ રૂપિયા સોળ લાખ ચાલીસ હજારની માલમત્તા ચોરી લીધી હતી. આ બનાવ અંગે શાહીબાગ પોલીસે ચોરીનો ગુનો નોંધીને સીસીટીવી ફૂટેજના આધારે વધુ તપાસ હાથ ધરી છે. સુભાષબ્રિજ કેશનવગર પાસે રહેતા શાહીબાગમાં જ્વેલર્સની દુકાન ધરાવતા વેપારીએ શાહીબાગ પોલીસ સ્ટેશનમાં અજાણી વ્યક્તિ સામે ફરિયાદ નોંધાવી છે કે ફરિયાદીની તબિયત સારી ન હોવાથી દુકાન બંધ કરીને ઘરે ગયા હતા.

દરમિયાન ગઇકાલે સવારે તેમના કોમ્પ્લેક્ષમાં હેર સલુન ધરાવતા અશોકભાઈ નાઈએ ફોન કરીને કહ્યું હતું કે આપણા કોમ્પ્લેક્ષની દુકાનોના તાળા તૂટેલા છે. તમારી દુકાનનું શટર પણ અડધુ ખુલ્લું છે. જેથી ફરિયાદી દુકાને આવ્યા હતા અને જોયું તો દુકાનના ડ્રોવરમાંથી રૂપિયા ૧૫.૪૯ લાખની કિંમતના સોના ચાંદીના દાગીના અને રોકડા રૂીપયા ૬૫ હજાર મળીને કુલ સોળ લાખ ચૌદ હજારની મત્તા ચોરાઇ ગઇ હતી. આ ઉપરાંત અન્ય દુકાનોના તાળા તૂટયાં તેમની દુકાનોમાંથી ચોરી થઈ હતી તો કેટલીક દુકાનોમાંથી કશું ગયુ ન હતુ. પોલીસે સીસીટીવને આધારે તપાસ આરંભી હતી.

## ઝઘડી રહેલા બે શખ્સને છોડાવવા જતાં નિર્દોષને ઝીંકી દેવાઇ છરી

### ભગવતીપરાનો બનાવઃ ટ્રકચાલક સમીરને હાથમાં ગંભીર ઇજા થતાં સારવાર માટે થવું પડ્યું દાખલ



રાજકોટ તા. ૧૭

સરાજાહેર બખેડો કરનારા ઘણીવાર નિર્દોષ લોકોને પણ ઝપટમાં લઇ લેતાં હોય છે. આવો જ એક બનાવ બન્યો છે. જેમાં ભગવતીપરા વિસ્તારમાં મોડી રાતે બે શખ્સો માથાકુટ કરતાં હોઇ રસ્તે ચાલીને જતાં યુવાન આ બંનેને છોડાવવા જતાં બે પૈકીના એક શખ્સે ઉશ્કેરાઇ જઇ આ યુવાનને છરી ઝીંકી લોહીલુહાણ કરી નાંખતાં હોસ્પિટલના ખાટલે પહોંચવાની નોબત આવી હતી.

વિગતો જોઇએ તો ભગવતીપરા હુશેનીયા મસ્જીદ પાસે રહેતો ઓગણત્રીસ વર્ષનો સમીર અયુબભાઇ સોરા રાતે બે વાગ્યે આશાબા પીરની દરગાહ પાસેથી ચાલીને જતો હતો ત્યારે અજાણ્યા શખ્સે તેના હાથમાં છરી કે તિક્ષ્ણ હથીયારનો ઘા મારી દેતાં લોહીલુહાણ હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, મહેશભાઇ જોગડા, ધર્મેન્દ્રભાઇ, પ્રશાંતભાઇ, શક્તિસિંહે બી-ડિવીઝન પોલીસને જાણ કરી હતી. સમીરે જણાવ્યું હતું કે હું મારુ કામ પતાવી ઘરે જતો હતો ત્યારે રસ્તામાં આશાબા પીરની દરગાહ પાસે બે અજાણ્યા શખ્સો માથાકુટ મારામારી કરતાં હતાં. આથી હું તેને છોડાવવા વચ્ચે પડ્યોહ તો અને ઝઘડો નહિ કરવા સમજાવ્યા હતાં. આ વખતે બે પૈકીના એક શખ્સે ઉશ્કેરાઇ જઇ સીધો જ મારા પર હુમલો કરી દઇ હાથમાં ઇજા પહોંચાડી હતી. બી-ડિવીઝન પોલીસે આ ઘટનામાં ખરેખર શું બન્યું? હુમલાખોર કોણ હતો? તેની તપાસ હાથ ધરી છે.

### ગાંધીગ્રામના ગોવિંદનગરમાં બનાવથી જાદવ પરિવારમાં ગમગીનીઃ યુવાન દિકરાએ કર્યો આપઘાત

# સ્ત્રી મિત્રએ સાથ છોડતા કિશને જિંદગી ટૂંકાવી

### મોડે સુધી નીચે નહિ આવેલા દિકરાને માતા ઉપરના રૂમમાં બોલાવવા જતાં તે લટકતો મળ્યો

રાજકોટ તા. ૧૮

જીવન સાથી ઓ જીવન સાથી, મેરા સાથ નિભાના તું કભી છોડ ના જાના...ફિલ્મી ગીતની આ પંક્તિમાં એક બીજાના પ્રેમમાં પડેલા, એકબીજાની જોડે રહેતાં નાયક-નાયીકા એકબીજાની સાથે હમેંશા રહેવાની વાત કરી રહ્યા છે. હકિકતની દુનિયામાં પણ ઘણી એવી પ્રેમકહાની હોય છે જેમાં યુવક-યુવતિ પ્રેમમાં પડી લગ્ન કે મૈત્રીકરારના બંધને બંધાયા પછી એકબીજાની સાથે રહેવાના, સાથ નિભાવવાના વચતો આપતાં હોય છે. પરંતુ જો બેમાંથી કોઇ સાથ છોડી દે તો તેનું પરિણામ માઠુ પણ આવતું હોય છે. આવી જ એક ઘટના શહેરના ગાંધીગ્રામ વિસ્તારમાં બની છે. જેમાં એક યુવાને જે યુવતિ સાથે મૈત્રીકરાર કર્યા હતાં એ યુવતિ તેને છોડીને જતી રહેતાં તે આઘાતમાં આવી જતાં તેણે દુનિયાથી છેડો ફાડી લીધો હતો.

આ કરૂણ ઘટનાની વિગતો પર નજર કરીએ તો શહેરના ગાંધીગ્રામના ગોવિંદનગરમાં રહેતાં યુવાને ગળાફાંસો ખાઇ આત્મહત્યા કરી લેતાં પરિવારજનોમાં અને આસપાસના રહેવાસીઓમાં શોકની કાલીમા છવાઇ ગઇ છે. દુનિયા છોડી દેનારા યુવાને મૈત્રીકરાર કર્યા હતાં. જેની સાથે મૈત્રીકરાર કર્યા હતાં એ યુવતિ તેને છોડીને જતી રહેતાં માઠુ લાગી જતાં તેણે મોતનો રસ્તો અપનાવી લીધાની પ્રાથમિક વિગતો સામે આવી છે. વિશેષ માહિતી પર નજર કરીએ તો ગોવિંદનગર-૨માં રહેતાં અઠ્ઠાવીસ વર્ષના કિશનભાઇ લાલજીભાઇ જાદવ નામના યુવાને ઘરમાં ઉપરના માળે છતના હુકમાં કપડા સુકવવાની દોરી બાંધી ગળાફાંસો ખાઇ આપઘાત કરી લીધાની જાણ ૧૦૮ના ઇએમટી તબિબ ગીરજાબેન રાઠોડે કરતાં કન્ટ્રોલ ઇન્ચાર્જ વી. એચ. ચૌહાણે જાણ



### મોટા મવા તાલુકા પ્રાથમિક શાળા પાછળથી મળી અજાણ્યા પુરૂષની લાશ

ગાંધીગ્રામ પોલીસને જાણ કરી હતી.

આત્મહત્યાની આ ઘટના જાહેર થતાં હેડકોન્સ. મિહીરસિંહ બારડ, રાઇટર નિલેષભાઇ ડોડીયા સહિતે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ કિશનભાઇ તેના ઉપરના રૂમમાંથી મોડે સુધી નીચે ન આવતાં તેના માતા ઉપર તપાસ કરવા જતાં તે લટકતી હાલતમાં મળતાં કલ્પાંત સર્જાયો હતો. આપઘાત કરનાર કિશનભાઇ છુટક કામ કરતો હતો. તેના પિતા સેન્ટીંગ કામની મજૂરી કરે છે. કિશનભાઇએ એક યુવતિ સાથે મૈત્રીકરાર કર્યા હતાં. દરમિયાન આ યુવતિ તેને છોડીને જતી રહેતાં ત્યારથી તે ગુમસુમ રહેતો હતો. આ કારણે પગલુ ભરી લીધાની શક્યતા છે. યુવાન અને આધારસ્તંભ દિકરાના આ પગલાથી પ્રજાપતિ જાદવ પરિવારજનોમાં ગમગીની વ્યાપી ગઇ હતી. વિશેષ તપાસ આસી સબ ઇન્સ. વી. વી. જાડેજા ચલાવી રહ્યા છે.

બીજી તરફ કાલાવડ રોડ મોટા મવામાં તાલુકા પ્રાથમિક શાળા પાછળથી અજાણ્યા પુરૂષની લાશ મળતાં ચકચાર જાગી છે. જાણવા મળ્યા મુજબ મોટા મવામાં શાળાની પાછળ આવેલા ઉકરડામાં એક અજાણ્યો આશરે ચાલીસથી બેતાલીસ વર્ષનો યુવાન બેભાન જેવી હાલતમાં પડ્યો હોવાની જાણ થતાં ૧૦૮ પહોંચી હતી. તેના તબિબ મહેન્દ્રભાઇ ગોસ્વામીએ તેને મૃત જાહેર કરતાં પોલીસ કન્ટ્રોલ રૂમ દ્વારા તાલુકા પોલીસને જાણ કરાઇ હતી.

આ બનાવને પગલે પીએસઆઇ મેડમ કે. એચ. કારેણા સહિતના સ્ટાફે ઘટના સ્થળે પહોંચી પંચનામુ કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. મૃત્યુ પામનારે સફેદ રંગનું આખી બાંહનું ટી-શર્ટ પહેર્યુ છે, જેમાં આગળના ભાગે અંગ્રેજીમાં લખાણ છે. તેમજ આછુ પેન્ટ પહેર્યુ છે. ઓળખ થઇ શકે તેવી કોઇ ચીજવસ્તુ મળી નથી. ૧૦૮ના તબિબના કહેવા મુજબ કદાચ આ પુરૂષ તડકા, વરસાદમાં ભુખ્યા પડી રહેવાને કારણે કે બિમારીથી મૃત્યુ થયુ હોઇ શકે છે. પોલીસે મોતનું કારણ જાણવા પોસ્ટમોર્ટમ રિપોર્ટની રાહ જોવાઇ રહી છે. તસ્વીરમાં દેખાતાં મૃતકના કોઇ વાલીવારસ હોય તો તાલુકા પોલીસનો ૬૩૫૯૬ ૨૭૪૧૫ અથવા પોલીસ કન્ટ્રોલ રૂમમાં ૦૨૮૧ ૨૪૫૭૭૭૭ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે. આ બનાવને પગલે ઘટના સ્થળે મોટી સંખ્યામાં ગામલોકો એકઠા થઇ ગયા હતાં. મૃતદેહને સિવિલ હોસ્પિટલના કોલ્ડ રૂમમાં રાખવામાં આવ્યો છે.

### ગગનમાંથી વરસાદ વરસવાની સાથે જ અમુક જોખમી ઘટનાઓની થઇ જાય છે શરૂઆત

# વાવણી વખતે ઝેરી જનાવર કરડતાં મહિલાએ ગુમાવ્યો જીવ

### માતા સાથે વરસતા વરસાદમાં ચાલીને જતી ચાર વર્ષની બાળકીને વિજથાંભલાના તાણીયામાંથી કરંટ લાગતાં મોત

રાજકોટ તા. ૧૭

ચોમાસુ આવે અને અગનમાંથી કાચા સોના રૂપે વરસાદ વરસે તેની જગતનો તાત આતુરતાથી રાહ જોતો હોય છે. ચોમાસાનો આરંભ થાય તે સૌ કોઇ માટે ખુશીની વાત છે. પરંતુ ઘણીવાર આકાશમાંથી જળની સાથે ઘાત પણ વરસતી હોય છે. રાજકોટમાં ગયા શનિવારે વરસેલા વરસાદની સાથે વિજળી પડતાં રૈયાધારના યુવાનનો જીવ ગયો હતો. ત્યાં વરસાદી ઘાત વધુ બે લોકોના મોતનું કારણ બની છે. રાજકોટના રૈયાધારમાં વરસતા વરસાદમાં વિજકરંટ લાગતાં ચાર વર્ષની બાળકીનું મોત થયું છે. તો બીજા બનાવમાં રાજકોટના બેડલા ગામે વાવણી કરી રહેલા મહિલાને ઝેરી જનાવર દંશ મારી જતાં તેમનો જીવ ગયો હતો. અપમૃત્યુની ત્રીજી ઘટનામાં રતનપરના મહિલાનું હૃદય તેમને દગો આપી જતાં મોત થયું હતું.

વિગતો પર નજર કરીએ તો વરસાદની ઋતુનો આરંભ થાય તે સાથે જ ઝેરી જીવજંતુ કરડવાના અને વિજકરંટ લાગવાના બનાવો વધી જતાં હોય છે. ત્યારે લોકો સાવચેત રહે તે ખુબ જરૂરી છે. વાવણી લાયક વરસાદ વરસવાનું શરૂ થઇ જતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાઇ ગયો છે. ઠેકઠેકાણે વાવડી શરૂ થઇ ગઇ છે. આ વચ્ચે રાજકોટના કુવાડવા તાબેના બેડલા ગામે રહેતાં બેતાલીસ વર્ષના ભાનુબેન ભરતભાઈ ગોહેલ નામના મસ્હિલા ગત સવારે આઠેક વાગ્યે પોતાની વાડીમાં વાવણીનું કામ કરી રહ્યા હતાં ત્યારે એકાએક બેભાન થઇ પડી ગયા હતાં. પરિવારજનો દોડી જતાં તપાસ કરતાં કોઇ જનાવર કરડી ગયાનું જણાતાં તુરત જ તેમને બેભાન હાલતમાં કુવાડવા આરોગ્ય કેન્દ્રમાં અને ત્યાંથી ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતાં.પરંતુ સારવાર દરમિયાન ભાનુબેનનું મૃત્યુ નિપજતાં પરિવારજનોમાં શોક છવાઇ ગયો હતો.

આ બનાવની જાણ થતા એરપોર્ટ પોલીસ સ્ટેશનના પીએસઆઇ એમ. બી. મિસ્ત્રી સહિતના સ્ટાફે હોસ્પિટલે પહોંચી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટ ખસેડ્યો હતો. મૃત્યુ પામનાર ભાનુબેનને સંતાનમાં બે પુત્ર છે. તેમના પતિનું કોરોના વખતે અવસાન થયું હતું. કોરોનામાં ઘરના મોભી એવા પિતાને ગુમાવનારા બે પુત્રોએ હવે વ્હાલસોયી જનેતાને પણ ગુમાવી દેતાં ગમગીની વ્યાપી ગઇ હતી.

બીજી કરૂણ ઘટના જોઇએ તો વરસતા વરસાદે વિજકરંટ જીવલેણ નીવડ્યો હતો.





### એક મહિલાને દિલ દગો દઇ જતાં જિંદગી થઇ ખતમ

રૈયાધારમાં માતા સાથે ચાલીને જતી ચાર વર્ષની બાળકીને વિજથાંભલાના તાણીયામાંથી ઝાટકો લાગતાં આ બાળકીનું મોત થયું હતું. રૈયાધાર મચ્છુનગર સામે મફતીયાપરામાં રહેતી ચાર વર્ષની કિંજલ ભૂપતભાઇ ધધાણીયા પોતાની માતા કંચનબેનની સાથે નજીકમાં જ રહેતાં માસી ગૌરીબેનના ઘરે ગઇ હતી. ત્યાંથી મા-દિકરી પરત પોતાના ઘરે જવા નીકળ્યા ત્યારે વરસાદ ચાલુ હતો. બંને ઘર નજીક પહોંચ્યા ત્યારે વિજથાંભલાના તાણીયા પાસેથી નીકળતી વખતે કિંજલ તાણીયાને અડી જતાં તેમાંથી જોરદાર કરંટ લાગતાં ફેંકાઇ ગઇ હતી અને બેભાન થઇ ગઇ હતી. બનાવને પગલે દેકારો મચી જતાં લોકો ભેગા થઇ ગયા હતાં. કિંજલના પરિવારજનો પણ દોડી આવ્યા હતાં. તેણીને તુરત જ બેભાન હાલતમાં ઝનાના હોસ્પિટલના બાળકોના વિભાગમાં ખસેડાઇ હતી.

તબિબોએ આ માસુમ કિંજલને બચાવવા ખુબ મહેનત કરી હતી. પરંતુ સારવાર દરમિયાન તેણીનું મોત નિપજતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. એ-ડિવીઝનના પીએસઓ વિજયભાઇ નકુમે જાણ કરતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના એએસઆઇ હિતેષઇ જોરૂભા જોગડાએ હોસ્પિટલે પહોંચી જરૂરી કાર્યવાહી કરી બાળકીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. મૃત્યુ પામનાર કિંજલ એક ભાઇથી નાની હતી. તેના માતા-પિતા છુટક મજૂરી અને બકાલુ વેંચી ગુજરાન ચલાવે છે. લાડકવાયી દિકરીના મોતથી પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી.

અપમૃત્યુની ત્રીજી ઘટના જોઇએ તો દિલની દગાખોરી વધુ એક વ્યક્તિ માટે જીવલેણ નીવડી છે. મોરબી રોડ પર આવેલા કુવાડવા તાબેના રતનપર ગામે રહેતાં પિસ્તાલીસ વર્ષનાજ્યોત્સનાબેન ત્રિકમભાઇ ચૌહાણ ઘરે હતાં ત્યારે એકાએક બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ ટુંકી સારવારને અંતે મોત નિપજ્યું હતું. મૃત્યુ પામનાર જ્યોત્સનાબેનના પતિ ત્રિકમભાઇ મારવાડી કોલેજમાં સિક્યુરીટી ગાર્ડની નોકરી કરે છે. તેમને સંતાનમાં એક પુત્રી અને બે પુત્ર છે. હાર્ટએટેક આવી જતાં મૃત્યુ થયાનું ત્રિકમભાઇએ જણાવ્યું હતું. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ, મહેશભાઇ, ધર્મેન્દ્રભાઇ, શક્તિસિંહ, પ્રશાંતભાઇએ જાણ કરતાં કુવાડવા રોડ પોલીસ સ્ટેશનના હેડકોન્સ. લક્ષમણભાઇ મહાજને જરૂરી કાર્યવાહી કરી હતી. આમ ઝેરી જનાવર, વિજકરંટ અને હૃદય રોગનો હુમલો બે મહિલા, એક બાળકીના મોતનું કારણ બનતાં તેમના પરિવારજનોમાં કલ્પાંત સર્જાયો હતો.

### કાયદો વ્યવસ્થાને પડકાર ફેંકતી વધુ એક ઘટના બની શાંત શહેર રાજકોટમાં

# સામુ કેમ જોયું કહી વકિલને ત્રિપુટીએ ધોકાવ્યા

## ઢેબર રોડ પરના નિવાસેથી કોર્ટ તરફ જવા નીકળેલા ઇન્દ્રજીતસિંહ પર મક્કમ ચોક પાસે થયો હુમલોઃ સફેદ ઇનોવામાં બેઠેલા શખ્સે ઝઘડો કરી ગાળો દેતાં વકિલે-સામુ જોવામાં વાંધો છે? તેમ પુછતાં જ ધબાધબી બોલાવાઇ

રાજકોટ તા. ૧૭

શાંત શહેર રાજકોટમાં અમુક તત્વો એવા હોય છે જે ગમે ત્યારે ગમે તે કારણોસર અશાંતી સર્જી દેતાં હોય છે. આવા તત્વો જાહેરમાં કાયદો હાથમાં લઇ કાયદાનું ચીરહરણ કરી લઇ પોલીસને પડકાર ફેંકી દેતાં હોય છે. આવી વધુ એક ઘટના સામે આવી છે જેમાં શહેરના ગોંડલ રોડ મક્કમ ચોક પાસે યુવા એડવોકેટ પર હીચકારો હુમલો થયો છે. ઢેબર રોડ પર રહેતાં એડવોકેટ ટુવ્હીલર હંકારીને કોર્ટ તરફ જવા ઘરેથી નીકળ્યા ત્યારે મક્કમ ચોકમાં પહોંચતા સફેદ રંગની ઇનોવમાં બેઠેલા શખ્સે કેમ તું સામે જોવે છે? તેમ કહેતાં એડવોકેટે સામે જોવામાં વાંધો છે? તેમ સામે જવાબ આપતાં આ શખ્સ અને સાથેના બીજા બે શખ્સો બેઝબોલના ધોકાથી તૂટી પડ્યા હતાં અને એડવોકેટને લોહીલુહાણ કરી ભાગી ગયા હતાં. જતાં જતાં એક વાહન પાર્ક કરાયું હોઇ તેને પણ કારની ઠોકરે ચડાવતાં ગયા હતાં.

સરાજાહેર કાયદો વ્યવસ્થાને પડકાર ફેંકતી આ ઘટના પર નજર કરીએ તો ઢેબર રોડ પર રહેતાં એડવોકેટ યુવાનને તે કોર્ટ તરફ ટુવ્હીલર લઇને જઇ રહ્યા હતાં ત્યારે મક્કમ ચોક નજીક પહોંચતા ઇનોવામાં બેઠેલા શખ્સે સામુ કેમ જોવ છે? કહી ગાળો દીધા બાદ આ શખ્સ અને તેની સાથેના બે શખ્સે મળી બેઝબોલના ધોકાથી બેફામ માર મારી લોહીલુહાણ કરી નાંખી ઢીકાપાટુ પણ મારતાં સારવાર માટે દાખલ થવું પડ્યું હતું. ઘટનાની જાણ થતાં પોલીસે હોસ્પિટલે પહોંચી એફઆઇઆર દાખલ કરવાની કાર્યવાહી થઇ હતી. પોલીસ સુત્રોમાંથી પ્રાપ્ત વિગતો અનુસાર ઢેબર રોડ ગોપાલનગર-૧૨ શ્રમજીવી સોસાયટી પાછળ શ્રીશક્તિ કૃપા ખાતે રહેતાં સત્યાવીસ વર્ષિય એડવોકેટ ગુર્જર રાજપૂત ઇન્દ્રજીતસિંહ પૃથ્વીસિંહ મકવાણા ને લોહીલુહાણ હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં તેણે ઇમર્જન્સી વિભાગમાં ડોક્ટરની પુછતાછમાં પોતાના પર ગોંડલ રોડ મક્કમ ચોક પાસે હુમલો થયાનું કહેતાં પોલીસને જાણ કરાઇ હતી. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, મહેશભાઇ જોગડા, ધર્મેન્દ્રભાઇ, શક્તિસિંહ, પ્રશાંતભાઇએ એ-ડિવીઝન પોલીસને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં પીઆઇ બી. વી. બોરીસાગરના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ



વકિલ લોહીલુહાણ થઇ જતાં સારવાર હેઠળઃ ભાગતી વખતે ત્રણ શખ્સોએ એક વાહનને પણ ઇનોવાની ઠોકરે ચડાવી દીધુંઃ એ-ડિવીઝન પોલીસે તપાસ શરૂ કરી

એચ. અને. જેઠવા સહિતની ઇન્વેસ્ટીગેશ ટીમે સિવિલ હોસ્પિટલે પહોંચી પથારીવશ થયેલા યુવા એડવોકેટની ફરિયાદ પરથી સફેદ રંગની ઇનોવા કારના ચાલક અને બે અજાણ્યા સામે અલગ અલગ કલમો હેઠળ એફઆઇઆર દાખલ કરી સીસીટીવી ફૂટેજ મેળવવા અને તેને શોધી કાઢવા દોડધામ શરૂ કરી હતી.

અજાણ્યા શખ્સોના હીચકાર હુમલામાં લોહીલુહાણ થઇ ગયેલા એડવોકેટ ઇન્દ્રજીતસિંહ મકવાણાએ જણાવ્યું હતું કે મેં એલએલબીનો અભ્યાસ પુરો કર્યો છે અને હાલ વકિલ સાથે આસીસ્ટન્ટ તરીકે કામ કરુ છું. સોળમીએ સોમવારે સવારે અગિયારેક વાગ્યે હું ઘરેથી કોર્ટ તરફ જવા મારુ જ્યુપીટર ટુવ્હીલર જીજે૦૩એચબી-૯૪૨૬ લઇને નીકળ્યો હતો. મક્કમ ચોકથી આગળ સત્યવિજય આઇસ્ક્રીમ-ધર્મશાળા નજીક પહોંચ્યો ત્યારે સફેદ કલરની ઇનોવા મારી આગળ હતી. મેં અગાળ જવા બાઇકનું હોર્ન વગાળતાં અને આગળ વધતાં એક શખ્સ ઇનોવામાંથી ઉતરીને મારી પાસે આવ્યો હતો અને 'તું કેમ મારી સામે જુએ છે?' તેમ કહેતાં મેં તેને 'સામુ જોવામાં કંઇ વાંધો છે?' તેમ કહેતાં અજાણ્યા શખ્સે મને બેફામ ગાળો દીધી હતી. બાદમાં બીજો શખ્સ ઇનોવાની ડેકીમાંથી બેઝબોલનો ધોકો લઇને આવ્યો હતો અને મને માથાના ભાગે આડેધડ ઘા મારી દીધા હતાં. આ દરમિયાન બીજા બે શખ્સોએ પણ તેની સાથે મળી મને ગાળો દઇ ઢીકાપટુનો માર માર્યો હતો. દેકારો મચી જતાં લોકો ભેગા થઇ જતાં આ ત્રણેય ઇનોવમાં બેસી ભાગી નીકળ્યા હતાં.

જતાં જતાં આ લોકો તેની કારની ઠોકરે એક ટુવ્હીલર પાર્ક કરાયેલુ હોઇ તેને પણ ટક્કર મારતાં ગયા હતાં. મને લોહી નીકળતાં હોઇ એકઠા થયેલા લોકોમાંથી કોઇએ ફોન કરતાં ૧૦૮ આવી હતી અને સારવાર માટે ખસેડ્યો હતો. સીટી સ્કેન તથા એક્સ રે રિપોર્ટ કરાવ્યો હતો. માથાના ભાગે મને દસ ટાંકા આવ્યા હતાં. શરીરે મુંઢ ઇજાઓ થઇ હતી. આ ઘટનામાં એ-ડિવીઝન પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર બી. વી. બોરીસાગરના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એચ. એન. જેઠવાએ એફઆઇઆર દાખલ કરી હતી. હુમલો કરી સફેદ ઇનોવામાં ભાગલા ત્રણ શખ્સો કોણ? તેની તપાસ શરૂ કરવામાં આવી હતી.

---

### મોરબી રોડ ગણેશનગરના રણજીતભાઈએ સોશિયલ મીડિયામાં જાહેરાત જોઈ પ્લેસ્ટોરમાંથી એપ ડાઉનલોડ કરી રોકાણ કર્યું હતું

# શેરબજારમાં કમાવવા જતાં ૧૬.૬૫ લાખ ગુમાવ્યા

## રોકાણ સામે ૪૭ લાખનો નફો બતાવ્યો પણ રકમ વિડ્રો ન થઈ : સાયબર ક્રાઈમમાં ફરિયાદ

રાજકોટ તા. ૧૭

સાયબર ગઠિયાઓ એક જ પ્રકારે લોકોને છેતરી રહ્યા હોવા છતાં લોકો જાગૃત થતા નથી. શેરબજારમાં કમાણી કરવા જતાં વધુ એક ફ્રોડ થયું છે. જેમાં રાજકોટના નોકરીયાત યુવાને સાડા સોળ લાખથી વધુની રકમ ગુમાવી દીધી છે.

વિગતો પર નજર કરીએ તો સોશિયલ મીડિયા મારફતે શેરબજારમાં વધુ નફો કમવવાની લાલચ આ યુવાનને લાખોમાં લઇ ડૂબી છે. સોશીયલ મીડિયામાં શેરબજારમાં કમાણીની જાહેરાત જોઈ તેણે પ્લે સ્ટોરમાંથી એપ્લિકેશન ડાઉનલોડ કરી સોળ લાખથી વધુનું રોકાણ કરતાં એકતાલિસ લાખનો નફો દેખાડાયો હતો. પણ આ રકમ વિડ્રો કરવા જતા તેને વધુ રકમ જમા કરવાનું કહેતા શંકા જતાં વિશેષ તપાસ કરતાં છેતરાઈ જ્ઞાની ખબર પડતા સાયબર ક્રાઇમ પોલીસને જાણ કરી છે.

વિગતો પર નજર કરીએ તો વધુ એક ઓનલાઇન છેતરપિંડી થઈ છે. નોકરિયાત યુવાને સોશિયલ મીડિયામાં શેર બજારમાં રોકાણ પર વધુ નફાની જાહેરાત વાંચીને એક એપ્લિકેશન ડાઉનલોડ કરી જેમાં સોળ લાખનું રોકાણ કર્યા બાદ આ રકમ ડબલ એટલે કે એકતાલિસ લાખ રકમ થઈ ગઈ હતી. આથી તે રાજી થઈ ગયા હતા અને રકમ પણ વિડ્રો કરવા તજવીજ કરી હતી. વધુ રકમની માગ કરતાં વેપારીને શંકા ગઈ પણ આ માટે તેને વધુ રકમ જમા કરવાનું કહેવાતા સાયબર ક્રાઇમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

વિગતો જોઈએ તો મોરબી રોડ ગણેશનગરમાં રહેતા અને ખાનગી કંપનીમાં નોકરી કરતા રણજીતભાઈ રૂડાભાઈ સોલંકીએ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે તેઓ પોતાનું ઈન્સ્ટાગ્રામ જોઈ રહ્યા હતા ત્યારે શેરબજારમાં રોકાણ કરી સારું રિટર્ન મેળવું તેવી એક જાહેરાત આવેલ જેના પર ક્લિક કરતા જ થોડીક વારમાં શાહરોન ત્રિવેદી નામના એક વ્યક્તિનો ફોન આવેલો હતો. આ વયક્તિએ રણજીતભાઈને શેરબજાર વિશે સમજાવી પોતાના વિશ્વાસમાં લીધા બાદ એક લિંક મોકલેલ જેના દ્વારા પ્લે સ્ટોરમાંથી ફયર પ્લસ નામની એપ્લિકેશન ડાઉનલોડ કરી હતી. ત્યારબાદ રણજીતભાઈ એપ્લિકેશનમાં પોતાનું પાનકાર્ડ ડીટેલ સહિતની વિગતો ભરી એપ્લાય કર્યું હતું.

ત્યાર બાદ મોદી રબર નામનો એક સ્ટોક લેવા માટે જણાવ્યું હતું જેથી રણજીતભાઈ રૂપિયા ચાર લાખનું આ સ્ટોકમાં રોકાણ કરેલું હતું. જે બાદ જેમ આ સાયબર ગઠિયા કહેતા જાય તેમ રણજીતભાઈ સ્ટોકમાં રોકાણ કરતાં જતાં કુલ ૧૬.૬૭ લાખનું રોકાણ કર્યું હતું. આ રોકાણના વળતરમાં રણજીતભાઈ ૪૧ લાખનો નફો કર્યો હોવાનું એલ્પીકેશનમાં બતાવતું હતું. આ રકમ વિડ્રો કરવા જતાં સાયબર માફિયાઓએ બેંક સેટલમેન્ટના નામે વધુ ચાર લાખ જમા કરવાનું કહેતા જ રણજીતભાઈને શંકા ગઈ હતી અને તેઓએ તુરંત સાયબર હેલ્પ લાઇન નંબર ૧૯૩૦નો સંપર્ક કર્યો હતો. જેના આધારે પોલીસે ગુન્હો દાખલ કર્યો છે અને તપાસ શરૂ કરી છે.

---

### આવા લેભાગુઓને મોઘવારી તો શું કંઇ ન નડેઃ વધુ એક બોગસીયાનો ભાંડો ફૂટ્યો

# નકલી DYSP બની લાખો કટકટાવ્યાઃ જીતુ ઝડપાયો

## એક બિલ્ડર સાથે ઘરોબો કેળવી ઉછીના પેટે આડત્રીસ લાખ ખાઇ ગયોઃ એક કર્મચારીની બદલીના નામે સાત લાખ પડાવ્યાઃ બિલ્ડરને શંકા જતાં તપાસ કરાવતાં કારસ્તાન ખુલ્યું

રાજકોટ તા. ૧૭

ગામના ગરીયા ફેરવીને પોતાના ગજવા જેને ભરવા છે તે મોંઘવારી તો શું કદી પણ કંઇ ન નડે. ગઠીયાગીરીની ઘટનાઓ વચ્ચે વધુ એક વખત નકલી ડીવાયએસીપીનો પર્દાફાશ થયો છે. બનાસકાંઠાના વડગામના છાપીમાં બિલ્ડર સાથે નકલી ડીવાયએસપીએ લાખોની ઠગાઇ કરી છે. પોતે સીએમ સુરક્ષામાં ડીવાયએસપી છે તેવી ઓળખ આપી ગઠીયાએરૂપિયા આડત્રીસ લાખ ઉછીના બિલ્ડર પાસેથી લઇ લીધા હતાં. પછી નક્કી થયેલા સમય મુજબ તેણે રૂપિયા પાછા ન આપતાં બિલ્ડરે તપાસ કરાવતાં પોતાની પાસેથી નાણા લઇ જનારો શખ્સ નકલી ડીવાયએસપી હોવાનો ભાંડો ફુટ્યો હતો.

આ કિસ્સામાં અસલી પોલીસે કાર્યવાહી કરી નકલી ડીવાયએસપી બની તોડ કરનારા, નાણા પડાવનારાને દબોચી લીધો છે. પોલીસ સુત્રોએ જણાવેલી વધુ વિગતો પર નજર કરીએ તો છાપીની શુકુન વિલા બગ્લોઝમાં છ માસ પૂર્વે અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના સરડોઈનો જીતેન્દ્રસિંહ ઉદેશીંહ રાઠોડ પોતે ડીવાયએસપી હોવાનું અને મુખ્યમંત્રીની સુરક્ષામાં ફરજ બજાવતો હોવાનું જણાવી શુકુન વિલામાં એક મકાન રૂપિયા પચાસ હજારની સુથી આપી ત્રીસ લાખમાં વેચાણથી લીધું હતું. પણ મકાનનું કામ અધુરૂં હોવાના કારણે અન્યનું મકાન ભાડે રાખી પરિવાર સાથે રહેતો હતો. જે અવારનવાર બિલ્ડરની ઓફીસમાં આવી બેસતો હતો.





દરમિયાન ૨૦ ફેબ્રુઆરી૨૦૨૫ના રોજ બિલ્ડર વિજયભાઈ ચૌધરી અને તેમના ભાઇ ધનરાજભાઈ હાજર હતા ત્યારે જીતેન્દ્ર રાઠોડ ત્યાં આવ્યો હતો અને ગાંધીનગર જિલ્લાના કુંડાસણ ગામે ૭૦ લાખમાં જમીન ખરીદી છે. તેમ કહી પંદર દિવસ માટે નાણાંની માંગણી કરી હતી. વિશ્વાસ રાખીને અને નાણા માંગનાર અસલી ડીવાયએસપી છે તેમ સમજીને બિલ્ડરે તેને રૂપિયા ૩૮ લાખ રોકડા ઉછીના આપ્યા હતા. પરંતુ વાયદા મુજબ નાણાં પરત ન આપતા અને નાણા લઇ જનાર ડીવાયએસપી ફરાર થઇ જતાં બિલ્ડરે તપાસ કરાવી હતી. જેમાં જીતેન્દ્ર રાઠોડ નામે પોલીસ ડિપાર્ટમેન્ટમાં અને મુખ્યમંત્રીની સુરક્ષામાં કોઇ ન હોવાનું સામે આવતાં બિલ્ડર ચોંકી ગયા હતાં.

પોતાની સાથે છેતરપિંડી થઇ હોવાનું જણાતાં વિજયભાઇ ચૌધરીએ છાપી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. નકલી ડીવાયએસપીને વડગામ કોર્ટમાં રજુ કરી પોલીસે બે દિવસના રિમાન્ડ માંગ્યા હતા. જ્યાં ન્યાયાધીશે એક દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા. જેમાં નકલી ડીવાયએસપીને અન્ય વ્યકિતઓ સાથે આ રીતે ઠગાઇ કરી છે કે કેમ? તેની તપાસ હાથ ધરી છે. છાપી હાઇવેથી ટીમ સાથે નકલી ડીવાયએસપીને તેની ખાનગી કાર સાથે ઝડપી લીધો હતો. જેની પાસેથી મોડાસાના કુંડાસણ ગામ તેમજ યાત્રાધામ અંબાજીના રહેઠાણનું આધારકાર્ડ સહિતના દસ્તાવેજો કબ્જે લઇ વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. તેમ છાપી પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર હિનાબેન વાઘેલાએ જણાવ્યુ હતું. પ્રાથમિક તપાસમાં એ પણ ખુલ્યું છે કે નકલી ડીવાયએસપી જીતેન્દ્રસિંહ રાઠોડે છાપીના એક કર્મચારીની બદલી કરાવી આપવાના નામે રૂપિયા સાતલાખ પડાવ્યા છે. આ અંગે અલગથી ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. આ નકલી અધિકારીએ બીજા પણ તોડ કર્યાની વિગતો સપાટી પર આવવાની પોલીસને આશા છે.

---

### મુંજકામાં આઇટી પ્રોફેશનલ તરીકે ઓફિસ ધરાવતાં યુવાન પર બાજુની બેકરીવાળાનો હીચકારો હુમલો

# રેસિડેન્સીમાં બેકરી ન નખાય કહેતાં યુવાનની કોણી ભાંગી નાંખી!

## આઇટમ બને ત્યારે ધુમાડા નીકળે તેનાથી શ્વાસ લેવાતો ન હોઇ ધવલ ચૌહાણે સ્વીટ ડિલાઇટ બેકરીવાળા પ્રશાંત ડાંગરને સમજાવતાં તૂટી પડ્યોઃ છાતીમાં ઢીકા મારી પછાડી દીધો

રાજકોટ તા. ૧૭

માથાકુટ, મારામારી, ધબધબાટીની રોજબરોજ બની રહેલી ઘટનાઓ વચ્ચે વધુ એક ડખ્ખો પોલીસ ચોપડે ચડ્યો છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પાછળ મુંજકા ગામે રહેતાં અને ઘર પાસે જ આઇટી પ્રોફેશનલ તરીકે ઓફિસમાં કામ કરતાં યુવાનની ઓફિસની બાજુમાં જ એક બેકરી હોઇ તેમાં આઇટમ બને ત્યારે ધૂમાડો નીકળતો હોઇ તેના કારણે શ્વાસ લેવામાં તકલીફ પડતી હોઇ આ બેકરી સંચાલકને આ બાબતે સમજાવતાં તેણે સામેના ભાગે વધુ એક વધુ એક પ્લોટ ખરીદી નવી બેકરી બનાવવાની તૈયારી કરતાં રેસીડેન્સીયલ એરીયામાં બેકરી ન બને તેવું ફરીથી તેને સમજાવી રજૂઆત કરતાં આ બેકરી સંચાલકે બટાઝટી બોલાવી આઇટી પ્રોફેશનલ યુવાનને આડેધડ માર મારી તેમજ છાતીમાં ઢીકા મારી પછાડીને કોણી ભાંગી નાંખતાં હાથમાં ઓપરેશન કરાવવું પડ્યું છે.

માથાકુટની આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે મુંજકા ગામમાં આત્મીય હોસ્ટેલ પાછળ રહેતાં અને આઇટી પ્રોફેશનલ તરીકે કામ કરતાં ત્રીસ વર્ષિય યુવાન ધવલભાઇ નવીનચંદ્રભાઇ ચૌહાણની ફરિયાદ પરથી તેની ઓફિસની બાજુમાં જ બેકરી ચલાવતાં પ્રશાંત ડાંગર વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી છે. ધવલભાઇએ જણાવ્યું છે કે હું મારા ઘર પાસે ધંધાને લગતાં સોફ્ટવેર બનાવવાની ઓફિસમાં બેસી કામ કરુ છું, મારી સાથે મારા માતા તથા મોટા ભાઇ અને તેના પત્નિ તથા મારા બહેન રહે છે. સોમવારે હું મારી ઓફિસે હતો ત્યારે મારે રાજકોટ પીજીવીસીએલ ઓફિસમાં મારા મીટરના ફોટા વ્હોટ્સએપ કરવાના હોઇ સીડી ઉતરી ઓફિસના મીટર પાસે જતો હતો ત્યારે મારી બાજુમાં સ્વીટ ડિલાઇટ નામે બેકરી ધરાવતાં પ્રશાંત ડાંગર મારી પાસે આવ્યા હતાં. તે અહિ પાંચેક વર્ષથી બેકરી ચલાવે છે.

તેણે મારી પાસે ઓચીંતા ધસી આવી 'તું અહિ શું કરે છે?' કહી ગાળો દેતાં મેં તેને ગાળો વાની ના પાડતાં તેણે વધુ ગાળો દઇ મથે ઢીકાપાટુ માર્યા હતાં. તેમજ કાઠલો પકડી છાતીમાં ઢીકા માર્યા હતાં. હુમલાને કારણે રાડારાડી થઇ જતાં આજુબાજુમાંથી લોકો ભેગા થઇ ગયા હતાં. મારી ઓફિસમાં કામ કરતાં વિવેક પાઘડાર પણ આવી જતાં મને વધુ મારથી છોડાવ્યો હતો. આ દરમિયાન જાણ થતાં મારા ભાભી, માતા સહિતના પણ આવી ગયા હતાં અને ૧૦૮ બોલાવી મને સારવાર માટે ખસેડ્યો



આજી જીઆઇડીસીના આનંદનગરમાં મહિલાની ખોટી વાતો કરવા મામલે પડોશી બાખડ્યાઃ ત્રણને થઇ ઇજા

હતો. મને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. અહિ જમણા હાથની કોણીનું નિદાન થતાં તેમાં હાડકુ ભાંગી ગયું હોઇ ઓપરેશન કરાયું હતું.

ધવલભાઇએ વધુમાં જણાવ્યું હતું કે આ હુમલાનું કારણ એ છે કે મારી ઓફિસની બાજુમાં પ્રશાંત ડાંગર પાંચ વર્ષથી બેકરી ચલાવે છે. તેની બેકરીમાં બનતી વસ્તુને હિસાબે શ્વાસ લેવામાં આસપાસના માણસોને તકલીફ પડતી હોઇ તેમજ પ્રશાંતે નવી બેકરી બનાવવા અમારી સામેના ભાગે પ્લોટ લઇ ત્યાં છાપણી કરતાં હોઇ જેથી અમે એનેકવાર રજૂઆત કરી હતી કે રેસીડેન્સીયલ એરીયામાં બેકરી ચાલુ ન કરો, બધાને શ્વાસ લેવામાં તકલીફ પડે છે. આમ છતાં તે સમજ્યા નહોતાં. આ બાબતે મનદુઃખ ચાલતું હોઇ ખાર રાખી મને ગાળો દઇ બેફા માર મારી છાતીમાં ઢીકા મારી પછાડીદેતાં કોણી ભાંગી ગઇ હતી. તેમ વધુમાં ધવલભાઇ ચૌહાણે કહેતાં પોલીસ ઇન્સ્પેક્ટર એચ. એન. પટેલના માર્ગદર્શનમાં એએસઆઇ હિતેષભાઇ જોગડાએ ફરિયાદ દાખલ કરી હુમલાખોરની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી હતી.

મારામારીની અન્ય એક ઘટના પર નજર કરીએ તો શહેરના આજી જીઆઇડીસી વિસ્તારમાં આવેલા આનંદનગરમાં રહેતાં પડોશીઓ વચ્ચે ચારિત્ર્ય બાબતે ખોટી વાતો કરવા મામલે બોલાચાલી બાદ ધબધબાટી બોલી ગઇ હતી. આજી જીઆઇડીસી આનંદનગર-રમાં રહેતાં ચાલીસ વર્ષના ગુડીયાબેન મૈનુદ્દીન ઇદ્રીશી પર પડોશી પ્યારેલાલ અને તેના દિકરા ખુશ્બૂદ્દીને પાઇપથી હુમલો કરતાં તેણી લોહીલુહાણ થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. સામે પક્ષે ઓગણપચાસ વર્ષના પ્યારેલાલ કમરૂદ્દીન બાગવાન તથા તેનો પુત્ર અઢાર વર્ષનો ખુશ્બૂદ્દીન બાગવાન પણ પોતાના પર ગુડીયાબેનના પતિ મૈનુદિન તેમજ સલમાન સહિતે ધોકા-પાઇપથી હુમલો કર્યાની ફરિયાદ સાથે સારવાર માટે પહોંચતા હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, મહેશભાઇ જોગડા, ધર્મેન્દ્રભાઇ, પ્રશાંતભાઇ તથા શક્તિસિંહે થોરાળા પોલીસને જાણ કરી હતી.

પડોશી પ્યારેલાલના હુમલામાં ઘાયલ થયેલા ગુડીયાબેનના પુત્રએ કહ્યું હતું કે પડોશી ખુશ્બૂદ્દિન મારા મમ્મી વિશે ખોટી વાતો કરતો હતો. આથી મારા પપ્પાએ તેને ફોન કરીને પુછ્યું હતું કે તને મારા પત્નિ વિશે આવી ખોટી વાતો કોણ કહે છે? આથી તેણે તમે સાંજે રૂબરૂ આવજો એટલે કહીશ તેમ કહ્યું હતું. રાતે મારા પપ્પા, મમ્મી સહિતના પડોશી પ્યારેલાલના ઘર પાસે ગયા હતાં અને તમારો છોકરો ખુશ્બુદ્દિન ખોટી વાતો કરે છે તેમ કહેતાં આ બંને બાપ-દિકરો પાઇપથી તૂટી પડ્યા હતાં. સામે પ્યારેલાલે કહ્યું હતું કે સામાન્ય બોલાચાલી થતાં પડોશી મૈનુદ્દિન સહિતનાએ હુમલો કરી મને અને મારા પુત્રને માર માર્યો હતો. થોરાળા પોલીસે બંને પક્ષના નિવેદન નોંધવા કાર્યવાહી હાથ ધરી હતી.

### સ્વ. વિજયભાઈ રૂપાણીની પ્રાર્થના સભામાં

# રાજકીય આગેવાનોના શ્રદ્ધાસુમન

## દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પણ રહ્યા હાજર કહ્યું વિજયભાઈએ સમગ્ર દેશવાસીઓના દિલમાં બનાવી હતી જગ્યા

રાજકોટ તા. ૧૭

અમદાવાદ પ્લેન દુર્ઘટનામાં ગુજરાતના પનોતા પુત્ર અને રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી નું દેહાંત થયું હતું ત્યારે ગઈકાલે રાજકોટ શહેરમાં ખાસ પ્રાર્થના સભા યોજાઈ હતી જેમાં સમગ્ર દેશ ભરના રાજકીય આગેવાનો તથા સમાજ શ્રેષ્ઠિઓ ઉપસ્થિત રહ્યા હતા બીજી તરફ વિવિધ સંપ્રદાયોના મહંતો પણ હાજર રહ્યા હતા અને શ્રદ્ધા સુમન અર્પણ કર્યા હતા. રાજકોટના રેસકોર્સ મેદાન ખાતે પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રાર્થના સભામાં નામી અનામી લોકો હજારોની સંખ્યામાં જોડાયા હતા અને વિજયભાઈને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.અરવિંદભાઈ મણિયારના પત્ની હંસિકાબેન, ધારાસભ્ય રિવાબા જાડેજા, ગીતાબા જાડેજા, પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ, પૂર્વ નાણામંત્રી વજુભાઈ વાળા, પદ્મશ્રી હેમંત ચૌહાણ, હાસ્ય કલાકાર ધીરુભાઈ સરવૈયા, લોકસાહિત્યકાર રાજભા ગઢવી, ખજૂરભાઈ સહિતના આગેવાનોએ રૂપાણી પરિવારના સભ્યોને મળી સાંત્વના પાઠવી હતી.દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને ગુજરાત આપના



પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી પણ પ્રાર્થના સભામાં પહોંચ્યા હતા અને પૂર્વ મુખ્યમંત્રીને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. કેજરીવાલે રૂપાણી પરિવારના સભ્યો સાથે મુલાકાત કરી સાંત્વના પાઠવી હતી.

ગોંડલના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાએ આ તકે જણાવ્યું કે, પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના નિધનથી માત્ર તેમના પરિવારને જ નહીં, પરંતુ સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છ અને ગુજરાતને મોટી ખોટ પડી છે. વિજય રૂપાણી સાથેના તેમના સંબંધો નાના ભાઈ જેવા હતા અને રૂપાણીએ તેમને રાજકીય રીતે ઘડવામાં મોટો ફાળો આપ્યો હતો. તેમણે નાનામાં નાના કાર્યકર સાથે ખભે ખભો મિલાવીને કામ કર્યું હતું અને વિકાસના કામોને સૌરાષ્ટ્ર, કચ્છ અને ગુજરાતમાં અગ્રતા આપી હતી. ખાસ કરીને ગોંડલ વિસ્તાર સાથે રૂપાણીને કુદરતી લગાવ હતો અને તેમના કાર્યકાળ દરમિયાન ગોંડલને અનેક વિકાસ કાર્યોની ભેટ મળી હતી.

જયરાજસિંહે રૂપાણી સાથેના પોતાના સંસ્મરણો વાગોળતા જણાવ્યું કે ગોંડલ વિસ્તારમાં પીવાના પાણીનો પ્રશ્ન હંમેશા કાયમી રહ્યો હતો. તેમણે આ વાત વિજય રૂપાણીના ધ્યાને મૂકી હતી અને રૂપાણીએ એક મહિનાની અંદર સૌની યોજનાથી વેરી તળાવ ભરી દીધું, જે ગોંડલ માટે સૌથી મોટી ભેટ છે. જયરાજસિંહે કહ્યું કે વિજય રૂપાણીના શાસનમાં ગોંડલની પ્રજાનો પીવાના પાણીનો પ્રશ્ન કાયમ માટે ભૂતકાળ બની ગયો હતો. તેમણે ઉમેર્યું કે જ્યારે જ્યારે તેમને કે તેમના વિસ્તાર ગોંડલને મુશ્કેલી પડી છે, ત્યારે હંમેશા વિજય રૂપાણીએ ખભે ખભો મિલાવીને સાથ આપ્યો છે.

---

### ઈન્ચાર્જ જિલ્લા શિક્ષણ અધિકારી સમક્ષ ૨૫ શાળાઓ રજૂ કરશે જવાબ, ત્યારબાદ કાર્યવાહી શું કરવી તે અંગે લેવાશે નિર્ણય

# ખાનગી શાળાઓ માટેનું હિયરિંગ ૧૯ના : DEO

રાજકોટ, તા. ૧૭

શિક્ષણ સેવાનું નહીં પરંતુ કમાવવાનું સાધન બની ગયું હોય તેવું જાણવા મળ્યું અને પરિણામ સ્વરૂપે હાલ નવા શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં જ ૨૫ જેટલી સ્વનિર્ભ શાળાઓ દ્વારા ચોક્કસ જગ્યાએથી જ વિદ્યાર્થીઓના ગણવેશ તથા તેના પાઠ્ય પુસ્તકો લેવા માટે વાલીઓને સૂચિત કરવામાં આવ્યા હતા ત્યારે પોતાના લાગતા વળગતા લોકો ને કમાવવાની જે વૃતિ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ ની જોવા મળી તેની સામે કોંગ્રેસ દ્વારા લાલ આંખ કરવામાં આવી હતી એટલું જ નહીં ખાસ તો આ અંગે ઈન્ચાર્જ જિલ્લા શિક્ષણ અધિકારીને પણ સૂચિત કરવામાં આવ્યા હતા જે બાદ તેમના દ્વારા ૨૫ જેટલી શાળાઓને નોટિસ પાઠવવામાં આવી હતી. હાલ આ નોટિસ અંતર્ગત ૧૯ તારીખે તમામ શાળાઓનું હિયરિંગ રાખવામાં આવ્યું છે જેમાં શાળા દ્વારા વિવિધ ખુલાસાઓ આપવામાં આવશે.

જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર ખરા અર્થમાં લોકો એટલે કે વિદ્યાર્થીઓને સરળતા રહે તે મુજબ શાળાઓ એ વર્તુળ જોઈએ અને કામગીરી હાથ ધરવી જોઈએ પરંતુ અન્યને કમાવવા નીચે વૃતિ શાળાઓ દ્વારા અપનાવવામાં આવી છે તે યોગ્ય નથી જેના ઉપર નક્કર પગલા શિક્ષણ વિભાગ લિએ તે અત્યંત આવશ્યક અને જરૂરી છે .

વિદ્યાર્થીઓને ચોકકસ સ્થળેથી પાઠય પુસ્તકો, દફતર, યુનિફોર્મ ખરીદવાની ફરજ પાડવા સબબ શહેરના ૨૫ જેટલા શાળા સંચાલકોને નોટીસ ફટકારવામાં આવ્યા બાદ આ શાળા સંચાલકોના હિયરીંગ આગામી તા.૧૯ને ગુરૂવારથી ઈન્ચાર્જ જિલ્લા માધ્યમિક શિક્ષણાધિકારી દિક્ષિત પટેલ દ્વારા હાથ ધરવામાં આવનાર છે.

આ અંગે ઈન્ચાર્જ જિલ્લા માધ્યમિક શિક્ષણાધિકારી દિક્ષિત પટેલનો સંપર્ક કરાતા તેઓએ જણાવ્યું હતું કે જેઓને નોટીસ આપવામાં આવેલ છે તેઓના હિયરીંગ તા.૧૯ને ગુરૂવારથી ચાર દિવસ યોજાશે જે બાદ આગળની કાર્યવાહી હાથ ધરાશે.

અહીં એ ઉલ્લેખનીય છે કે રાજકોટમાં કેટલીક ખાનગી શાળાઓ વિદ્યાર્થીઓને ચોકકસ સ્થળે જ પાઠય પુસ્તકો, ગણવેશ, સ્કૂલબેગ તેમજ સ્ટેશનરી ચોકકસ સ્થળેથી ખરીદ કરવા માટે વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને ફરજ પાડી રહ્યાની ફરિયાદો ઉઠી હતી. આ મામલે વિદ્યાર્થી આગેવાનો દ્વારા પણ જિલ્લા શિક્ષણાધિકારીને રજૂઆત કરવામાં આવી હતી.

જે બાદ ઈન્ચાર્જ જિલ્લા માધ્યમિક શિક્ષણાધિકારી દ્વારા આ ૨૫ જેટલી ખાનગી શાળાઓનો નોટીસ ફટકારી ખુલાસો પૂછવામાં આવેલ હતો. જેના હિયરીંગ હવે તા.૧૯ને ગુરૂવારથી ચાર દિવસ ગોઠવવામાં આવેલ છે. અહીં એ ઉલ્લેખનીય છે આ મામલે ઈન્ચાર્જ શિક્ષણાધિકારી પટેલ દ્વારા રાજકુમાર કોલેજ, મહાત્મા ગાંધી સ્કૂલ, ઉડાન સ્કૂલ, વાસુદેવ વિદ્યાલય, વિદ્યા આરાધના, અંબીકા, સર્વોદય, તપોવન, ક્રિષ્ના વિદ્યાલય ,ખોડાપીપર હાઈસ્કુલ, જ્ઞાનદિપ વિદ્યાલય, વિપુલ વિદ્યાલય, રામકૃષ્ણ વિદ્યાલય, વિનય મંદિર, સહજાનંદ વિદ્યાસંકુલ, સહિતની ૨૫ શાળાઓને નોટીસ ફટકારવામાં આવી હતી.

---

# કોરોનાનો રિકવરી રેટ વધ્યો

# ફૂલ આંકડો ૧૭૮એ પહોંચ્યો

## અત્યાર સુધીમાં ૧૨૪ દર્દીઓ સાજા થયા : ૫૪ દર્દી સારવાર હેઠળ

રાજકોટ, તા. ૧૭

રાજકોટ શહેર અને જિલ્લામાં જે રીતે કોરોના કેસ નો વધારો જોવા મળ્યો હતો તેની સામે અત્યારે એ જ આંકડો ઘટી રહ્યો છે અને કહી શકાય કે દર્દીઓ સાજા પણ થઈ રહ્યા છે જે ખરા અર્થમાં એક સારી બાબત કહી શકાય બીજી તરફ હાલ આરોગ્ય વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર અત્યારે જે પરિસ્થિતિ જોવા મળી રહી છે તેના ભાગરૂપે હાલ માત્ર સાવચેતી જ જો રાખવામાં આવશે તો લોકોને આ કોવિડ વેરિયન્ટ પણ સરળતાથી બચાવી શકાશે. ત્યારે ગઈકાલે રાજકોટમાં કોરોના છ નવા દર્દીઓ નોંધાયા હતા સામે રિકવરી રેટ પણ ખાસો એવો વધુ છે.

રાજકોટ શહેરમાં કોરોનાના વળતા પાણી થઈ રહ્યા હોય તેમ દિવસેને દિવસે પોઝિટિવ કેસમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. જેની સામે રિકવરી રેટ પર ઉચો જતાં કોરોનાના દર્દીઓ ઝડપથી સાજા થઈ રહ્યા છે. ગઈકાલે ૨૪ કલાક દરમિયાન એક ૧૪ વર્ષની તરુણી સહિત નવા ૬ પોઝીટીવ દર્દી નોંધાતા ગઈકાલ સુધીના કેસનો કુલ આંકડો ૧૭૮ એ પહોંચી ગયો છે. અત્યાર સુધીમાં ૧૨૪ દર્દીઓ સાજા થયા છે અને ૫૪ દર્દી સારવાર હેઠળ હોવાનું આરોગ્ય વિભાગે જણાવ્યું હતું.

શહેરમાં ગઈકાલે એક તરૂણી સહિત નવા




૬ કોરોના પોઝિટિવ કેસ નોધાયા છે. જેમાં વોર્ડ નં. ૧૧ જીવરાજપાર્ક મહિલા ઉ.વ. ૨૩, વોર્ડ નં. ૨ અવંતી પાર્ક પુરુષ ઉ.વ. ૩૭, વોર્ડ નં. ૧૦ આફ્રિકા કોલોની મહિલા ઉ.વ. ૪૧, વોર્ડ નં. ૫ એલપી પાર્ક તરુણી ઉ.વ. ૧૪, વોર્ડ નં. ૧૦ તિરુપતિ નગર મહિલા ઉ.વ. ૭૨ અને વોર્ડ નં. ૧૪ ભક્તિનગર સર્કલ પુરુષ ઉ.વ. ૬૫ સહિત નવા છ કેસ નોંધાયા છે.

જે પૈકી વોર્ડ નં. ૫ના દર્દી તરુણી અને વોર્ડ નં. ૧૦ની મહિલા દર્દીએ વેક્સિનના ડોઝ લીધા ન હોવાનું જાણવા મળેલ છે. તેમજ વોર્ડ નં. ૨ અને વોર્ડ નં. ૧૦ ના દર્દીની ટ્રાવેલ્સ હિસ્ટ્રી સુરેન્દ્રનગર અને અમદાવાદ હોવાનું જાણવા મલેલ છે. હાલ તમામ દર્દીઓની સ્થિતિ સ્ટ્રેબલ હોવાનું આરોગ્ય વિભાગે જણાવ્યું હતું. કોરોનાના કેસમાં છેલ્લા ચાર દિવસથી રોજે રોજ ઘટાડો જોવા મળી રહ્યો છે. છતાં તંત્ર દ્વારા આરોગ્ય લક્ષી કામગીરી અંતર્ગત કોરોનાની ગાઈડલાઈનનું પાલન કરવા તેમજ કોરોનાના કેસની વિગતો તંત્રને આપવા સહિતનો અનુરોધ કરવામાં આવી રહ્યો છે. તા. ૧૯ મેથી શરૂ થયેલ કોરોનાના કેસમાં ૨૦ દિવસ સતત વધારો જોવા મળ્યો હતો. પરંતુ છેલ્લા ચાર દિવસથી ઘટાડો જોવાતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે.

આ સકારાત્મક સમાચાર એ છે કે, ૧૦ કોરોના દર્દીઓ સફળતાપૂર્વક આ બીમારીમાંથી બહાર આવી ગયા છે અને તેમને કોરોનામુક્ત જાહેર કરવામાં આવ્યા છે. આ સાથે, રાજકોટ શહેરમાં કોરોનામુક્ત થયેલા દર્દીઓની કુલ સંખ્યા ૧૨૪ પર પહોંચી ગઈ છે, જે એક ઉત્સાહજનક આંકડો છે. રિકવરી રેટમાં થઈ રહેલો આ વધારો શહેર માટે સારા સમાચાર છે. હાલ રાજકોટ શહેરમાં માત્ર ૫૪ કોરોના દર્દીઓ જ સક્રિય છે. આ ૫૪ સક્રિય કેસ પૈકી માત્ર ૨ દર્દી ઓને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યારે બાકીના ૫૨ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર લઈ રહ્યા છે. આરોગ્ય વિભાગે જણાવ્યું છે કે, સિવિલ હોસ્પિટલમાં દાખલ બંને દર્દીઓ સહિત હોમ આઈસોલેટ થયેલા તમામ દર્દીઓની તબિયત સ્થિર છે અને તેમની સ્થિતિ સુધારા પર છે. આરોગ્ય વિભાગ દ્વારા દર્દીઓની સતત દેખભાળ રાખવામાં આવી રહી છે અને જરૂરી સારવાર પૂરી પાડવામાં આવી રહી છે. લોકો દ્વારા કોવિડ પ્રોટોકોલનું પાલન અને આરોગ્ય વિભાગની સતર્ક કામગીરીને કારણે રિકવરી રેટમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે.

---

# આજી-ભાદરમાં નવા નીરની આવક

## ચાલુ સપ્તાહમાં સારા વરસાદની આગાહી : ગાંધીનગર ખાતે પણ ખાસ બેઠક તૈયારી અર્થે યોજાઈ : ન્યારી ડેમમાં સૌની યોજનાથી પાણી ભરવાનું શરૂ

રાજકોટ, તા. ૧૭

સૌરાષ્ટ્ર ગુજરાતમાં હાલ ચોમાસાની એન્ટ્રી થઈ ચૂકી છે ત્યારે રવિવારની રાતથી સોમવાર ની સાંજ સુધી ભાવનગર અને અમરેલી જિલ્લામાં અનહદ વરસાદ વરસ્યો છે. એટલું જ નહીં જળાશયો પણ છલકાયા હોવાનું માલુમ પડ્યું છે. રાજકોટ શહેર અને જિલ્લાના જે વિવિધ ડેમ છે તેમાં પણ વરસાદી પાણીની આવક શરૂ થઈ ચૂકી છે તો રાજકોટના જીવા દોરી સમાન આજીડેમ એક અને ભાદર એકમાં પણ સામાન્ય આવક થઈ છે ત્યારે અત્યારે ન્યારી ડેમમાં સૌની યોજનાથી પાણી ભરવાનું શરૂ કરી દેવાયું છે હાલ થોડો સારો વરસાદ વરસે તો સૌની યોજનાનું પાણી બંધ કરવામાં આવશે તેવું પણ માનવામાં આવી રહ્યું છે પરંતુ હાલ રાજકોટ જિલ્લાના જે તમામ જળાશયો છે તેમાં વરસાદી પાણીની નજીવી આવક શરૂ થઈ ચૂકી છે.

આજી-૧ ડેમમાં ૦.૧૦ ફુટ પાણીની આવક થતા ડેમની સપાટી ૨૩.૫૦ ફુટ પર પહોંચી છે. સિંચાઇ વિભાગે ભાદરમાં પણ ૦.૭૯ અને ન્યારી-૧માં ૦.૩૩ ફુટ આવક થયાનું કહ્યું છે. જોકે મનપા વોટર વર્કસ વિભાગે ભાદરમાં કોઇ પાણી નહીં આવ્યાનું અને ન્યારીનો વધારો સૌની યોજનાના પાણીના કારણે હોવાનું કહ્યું હતું. ૩૪ ફુટના ભાદર ડેમનું લેવલ હાલ ૨૧.૪૦ ફુટ, ૨૫.૦૯ ફુટના ન્યારી-૧ ડેમનું લેવલ ૧૭.૭૦ ફુટ પર પહોંચ્યું છે.આ બાદ ગત રાતથી જ સૌની યોજનાનું પાણી લેવાનું બંધ કરાયું છે. આ રીતે રાજકોટને પીવાનું પાણી પુરૂ પાડતા ડેમોમાં વરસાદી



પાણીની આવકના સામાન્ય સુકન થયા છે. આજી-૧ ડેમાં ૫૭૮.૭૩ અને ન્યારી-૧ ડેમમાં ૫૫૫.૯૭ એમસીએફટી જળ જથ્થો રહેલો છે.

દરમ્યાન સિંચાઇ વિભાગના રીપોર્ટ મુજબ રાજકોટ જિલ્લાના કુલ ૨૭ ડેમ પૈકી ૯ ડેમમાં પાણી આવ્યું છે. ન્યારી-૨માં ૦.૧૬, મોતીસરમાં ૦.૩૧, ફાડદંગ બેટીમાં ૦.૨૩, ભાદર-૨માં ૦.૨૦, ઘેલો સોમનાથમાં ૪ ફુટ પાણીની આવક થઇ છે. આ સિવાય મોરબી જિલ્લાના મચ્છુ-૧ ડેમમાં ૦.૯૮, મચ્છુ-૨માં ૧.૫૭, ઘોડાધ્રોઇમાં ૪.૧૦, બ્રાહ્મણી-૨માં ૧.૯૭ ફુટ પાણીની આવક થઇ છે. જામનગર જિલ્લામાં ઉમિયાસાગર ડેમમાં ૨૪ કલાકમાં ૦.૦૭ ફુટ પાણી આવ્યું છે.

દ્વારકા જિલ્લાના કોઇ જળાશયોમાં ૨૪ કલાકમાં પાણીની આવક થઇ નથી. સુરેન્દ્રનગર જિલ્લામાં વાત કરીએ તો વઢવાણ ભોગાવો-૧ (નાયકા) ડેમમાં ૫.૮૧ ફુટ પાણીની આવક થઇ છે. લીંબડી ભોગવો-૨માં ૭.૮૧ ફુટ પાણી આવ્યું છે. વાંસલ ડેમમાં ૦.૩૩, મોરસલમાં ૧૫.૭૮, સબુડીમાં ૧૮.૦૪, ત્રિવેણી ખાંગામાં ૨.૬૨, નિંભણીમાં ૨.૧૩ અને ધારી ડેમમાં ૮.૨૦ ફુટ પાણી આવ્યાનું સિંચાઇ વિભાગે કહ્યું છે. આ રીતે ચોમાસુ બેસવા સાથે રાજકોટ સહિતના જિલ્લાના જળાશયોમાં પાણીની આવક શરૂ થઇ છે. હજુ પણ પુરૂ ચાલુ સપ્તાહ સારા વરસાદની આગાહી હોય જળાશયોમાં વધુ પાણી આવવાની આશા વ્યકત કરવામાં આવી રહી છે.

વેધર વોચ કમિટીની બેઠક ગાંધીનગર ખાતે યોજાઈ છે. જેમાં હવામાન વિભાગ, મહેસુલના અધિકારી, માર્ગ અને મકાન વિભાગ, NDRF, SDRFની ટીમના વડા આ બેઠકમાં હાજર છે. આ સિવાય કોસ્ટ ગાર્ડ સહિતની એજન્સીઓના અધિકારીઓ પણ હાજર છે. રાહત અને બચાવ કાર્ય સહિતની બાબતો પર આ બેઠકમાં સમીક્ષા કરવામાં આવશે.

### NDRFની ટીમ રાજકોટમાં

રાજકોટ જિલ્લામાં કોઈ પણ પ્રકારની વરસાદથી પરિસ્થિતિ ન વણસે તે માટે હાલ અત્યારથી જ તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે . આ વાતની ગંભીરતાને ધ્યાને લઈ હાલ એક બટાલિયનને રાજકોટ ખાતે સોંપી દેવામાં આવી છે ત્યારે શહેર અથવા જિલ્લામાં કોઈ પણ આપત્કાલીન પરિસ્થિતિ વરસાદને લઈ ઊભી થાય તો તેના રક્ષણ માટે આ ટીમ અત્યંત મહત્વની પુરવાર થશે. એ ઉલ્લેખનીય છે કે એનડીઆરએફની ટીમ અતિવૃષ્ટિ, વાવાઝોડા પુર પ્રકોપ સહિત વિવિધ પ્રકારની કુદરતી અને માનવ સર્જીત આપદા દરમ્યાન બચાવ કામગીરીમાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. રાજકોટ જીલ્લા માટે પ્રતિવર્ષ ચોમાસા દરમ્યાન એનડીઆરએફની ટીમ ફાળવવામાં આવે છે. જે સંભવિત અતિવૃષ્ટિ દરમ્યાન અસરગ્રસ્ત વિસ્તારોમાં દોડી જઈ રાહત બચાવની કામગીરીમાં યોગદાન આપે છે. બટાલીયન રાજકોટ આવી પહોંચતા હવે ચોમાસા દરમ્યાન અતિવૃષ્ટિના સંજોગોમાં રાહત બચાવની સેવા કલેકટર તંત્રના માર્ગદર્શન હેઠળ આપવામાં આવશે.